**Extra No. 232**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]  THURSDAY, JUNE 26, 2025 / ASHADHA 5, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **૧૨મી ઓક્ટોબર, ૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક. જીએચયુ/૨૦૨૨/૪૯/જીએમઆર/૧૦૨૦૨૨/૨૦૯(૧)/છ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Gujarat Minor Mineral Concession Rules, 2017**

**ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૨૨

**ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭.**

**ક્રમાંકઃ જીએચયુ/૨૦૨૨/૪૯/જીએમઆર/૧૦૨૦૨૨/૨૦૯(૧)/છઃ-** ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૭મા)ની કલમ ૧૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

૨. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, ખંડ (ક) પછી, પેટા-નિયમ (૮)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''પરંતુ અહીં ઉપર કોઈપણ મજકૂરથી, કોઈ ખનિજ સંપન્ન વિસ્તારની ખનિજ-શોધ અને ઈ-હરાજી હાથ ધરવા તેના પોતાના કરાર પર સરકારના હકોનો બાધ આવશે નહિ.''.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૭ માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

''(ગ) તમામ ટેકનિકલ રીતે પાત્રતા ધરાવતા બોલી બોલનારાઓએ, ઈલેક્ટ્રોનિક હરાજીના બીજા રાઉન્ડમાં ભાગ લેવા માટે પાત્રતા ધરાવતા બોલી બોલનારાઓ તરીકે પાત્રતા ધરાવવી જોઈશે.''.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,

(૧) પેટા-નિયમ (૧) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:

''(૧ક) પસંદગી પામેલ (અગ્રાધિકાર ધરાવનાર) બોલી બોલનાર, પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ મુદતમાં અગ્રિમ ચુકવણીનો પ્રથમ હપતો રજૂ કરવામાં ચૂક કરે, તો સરકાર, પસંદગી પામેલ (અગ્રાધિકાર ધરાવનાર) બોલી બોલનાર ગેરલાયક ઠરાવે તે ઉપરાંત-

(૧) નિર્ધારિત નુકસાન ભરપાઈ તરફી બોલી બોલનાર પાસેથી બોલીની જામીગીરી જપ્ત કરી શકશે;

(૨) આવા બોલી બોલનારને બે વર્ષની મુદત માટે કોઇ ભવિષ્યની બોલીમાં ભાગ લેવામાંથી રોકી શકશે; અને

(૩) અધિકતમ આખરી કિંમતની દરખાસ્ત પૂર્ણ કરવા હરાજીના બીજા રાઉન્ડ (તબક્કા)માં બીજી અધિકતમ કિંમતની દરખાસ્ત રજૂ કરી હોય તેવા બોલી બોલનારને દરખાસ્ત કરી શકશે અને જો સદરહુ બોલી બોલનાર, લેખિતમાં સદરહુ દરખાસ્ત માટે સંમત થાય અને દરખાસ્ત મળ્યાના ત્રીસ દિવસની અંદર અગ્રિમ ચુકવણીનો પ્રથમ હપતો રજૂ કરે, તો સરકાર, સદરહુ બોલી બોલનારને ''પસંદગી પામેલ (અગ્રાધિકાર ધરાવનાર) બોલી બોલનાર'' તરીકે જાહેર કરશે અને પેટા-નિયમ (૨) અનુસાર ઈરાદાપત્ર કાઢી આપશે.''.

(૨) પેટા-નિયમ (૩)માં,

(ક) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''પરંતુ આ નિયમોમાં કોઈપણ મજકૂર હોય તેમ છતાં, સરકાર પોતાને યોગ્ય લાગે તેમ આ પેટા-નિયમોની જોગવાઈઓમાં છૂટછાટ આપી શકશે.''

(ખ) બીજો પરંતુક કમી કરવો.

(૩) પેટા-નિયમ (૪)માં, ''એંસી'' એ શબ્દોને બદલે, ''વીસ'' એ શબ્દ મૂકવો.

(૪) પેટા-નિયમ (૫)ને બદલે, નીચેનો પેટા-નિયમ અને તે હેઠળનો પરંતુક મૂકવો:

‘‘(૫) અગ્રીમ ચુકવણીના બાકીના સાઠ ટકાની ચુકવણીને અધીન રહીને ખાણ પટાની મંજૂરી અંગેના હુકમના સાઠ દિવસની અંદર સરકારે, ખાણ પટા ખતનો અમલ કરવો જોઈશે અને ખાણ પટા ખત જે તારીખે યોગ્ય રીતે અમલમાં આવ્યાની નોંધ નમૂના ખ-માં કરવામાં આવી હોય, તે તારીખ ખાણ પટાના આરંભની તારીખ ગણાશે અને સફળ બોલી બોલનારે, એ બાબત સુનિશ્ચિત કરવી જોઈશે કે તે (સફળ બોલી બોલનાર), ખાણ પટા ખતનું રજિસ્ટ્રેશન તેના અમલની તારીખથી ત્રીસ દિવસની (મુદતની) અંદર પ્રાપ્ત કરી લે. સરકારને, સફળ બોલી બોલનાર, ત્રીસ દિવસની ઠરાવેલી મુદતની અંદર ખાણ પટાનું રજિસ્ટ્રેશન કરાવવામાં ચૂક કરે, તેવા કિસ્સામાં, સફળ બોલી બોલનારે પૂરી પાડેલી કામગીરી અંગેની જામીનગીરી જપ્ત કરવાનો હક રહેશે. આવા કિસ્સામાં, ખાણ પટાની મંજૂરી અંગેનો હુકમ રદ થશે:

પરંતુ ભૂસ્તરવિજ્ઞાન અને ખાણકામ કમિશનરને ખાતરી થાય કે અરજદાર, પટા ખતના અમલમાં વિલંબ માટે જવાબદાર નથી, તો તે સાઠ દિવસની સદરહુ મુદતની સમાપ્તિ પછી પણ પટા ખતના અમલની પરવાનગી આપી શકશે. પટા ખતના અમલની તારીખથી એક વર્ષથી વધુની મુદત માટે, તે બાબત સરકારને પુછાણ અર્થે સોંપવામાં આવશે, જેમનો નિર્ણય આખરી રહેશે:

વધુમાં, જિલ્લા કલેક્ટર, પટા ખતના રજિસ્ટેશન માટે, અમલની તારીખથી ચાર મહિનાથી વધુ ન હોય તેવી મુદત માટે, કારણોની લેખિતમાં નોંધ કરીને, પેટા-નિયમ (૫)માં નિર્દિષ્ટ મુદત લંબાવી શકશે:

વળી, અનિવાર્ય સંજોગોને લીધે, કોઈ પટા ખત, આ અર્થે ઠરાવેલ અહીં આ પહેલાં મુદતની સમાપ્તિ સુધી રજિસ્ટર થયો ન હોય, રજિસ્ટ્રેશનમાં ચાર મહિનાથી વધુના વિલંબના કિસ્સામાં, ભૂસ્તરવિજ્ઞાન અને ખાણકામ કમિશનર અને રજિસ્ટ્રેશનમાં આઠ મહિનાથી વધુના વિલંબના કિસ્સામાં, એક વર્ષ માટે મુકરર ભાડાની સમકક્ષ રકમની ચુકવણી પર, સરકાર આદેશ આપી શકશે કે આવા પટા ખતની, ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નિયત કરેલી જોગવાઈઓને અધીન રહીને રજિસ્ટર કરવા માટે મંજૂરી આપવી જોઈશે:

વળી, જેમાં પટા ખતના રજિસ્ટ્રેશનમાં વિલંબ થયો હોય અને સદરહુ વિલંબને સરકાર દ્વારા માફી આપવામાં આવી હોય, તો પટાની મુદતના આરંભની તારીખ, આ પેટા-નિયમમાં નિયત કરેલ સમયગાળાની સમાપ્તિની તારીખ રહેશે.’’.

**૫.** સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

‘‘(૨) અગ્રિમ ચુકવણી, ખાણ પટો જે ખનિજોના સંબંધમાં મંજૂર કરેલો હોય, તેના માટે વીસ ટકા, વીસ ટકા અને સાઠ ટકાના ત્રણ હપતામાં સરકારને ચૂકવવાપાત્ર રહેશે. અગ્રિમ ચુકવણીનું, ખનિજના ઉત્પાદનના આરંભથી પ્રથમ પાંચ વર્ષની અંદર, ટેન્ડરના દસ્તાવેજમાં સરકારે નિર્દિષ્ટ કરેલી રીતે સમાયોજન કરવામાં આવશે.’’.

**૬.** સદરહુ નિયમોમાં, નિયમ ૧૨ માં, પેટા-નિયમ (૪) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:

‘‘(૪ક) આ નિયમો અથવા તત્સમયે અમલમાં હોય તેવો કોઈ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ખાણના સંબંધમાં તમામ માન્ય અધિકારો, મંજૂરીઓ, પરવાનગી, લાઈસન્સ (પરવાના) અને પટે લેનારને મંજૂર કરેલી તેના જેવી બાબતો તેની સમાપ્તિ અથવા અંત અથવા પટો રદ થવા પછી પણ માન્ય રહેવાનું ચાલુ રહેશે અને આવા અધિકારો, મંજૂરીઓ, પરવાનગી, લાઈસન્સ (પરવાના) અને તેના જેવી બાબતો આવા કાયદા હેઠળ જોગવાઈ કરેલી શરતોને અધીન રહીને, આ નિયમો હેઠળ હરાજી મારફત પસંદ થયેલ ખાણ પટાની સફળ બોલી બોલનારને તબદીલ કરવામાં આવશે અને સોંપવામાં આવશે.’’.

**૭.** સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૧)માં, વિદ્યમાન પરંતુકોને બદલે, નીચેના પરંતુકો મૂકવા:

‘‘પરંતુ અનુસૂચિ ૩ના ભાગ ક-૧માં નિર્દિષ્ટ કરેલા ખનિજોના કિસ્સામાં, ભૂસ્તરવિજ્ઞાન અને ખાણકામ કમિશનર, લેખિતમાં કારણોની નોંધ કરીને, એક હેકટરથી ઓછા વિસ્તાર માટે, ખાણ પટો મંજૂર કરી શકશે.

‘‘વધુમાં, અનુસૂચિ ૩ના ભાગ ક-૨ અને ભાગ-ખમાં નિર્દિષ્ટ કરેલા ખનિજોના કિસ્સામાં, સરકાર, લેખિતમાં કારણોની નોંધ કરીને, એક હેકટરથી ઓછા વિસ્તાર માટે, ખાણ પટો મંજૂર કરી શકશે.’’.

(૨) પેટા-નિયમ (૧) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો:-

‘‘(૧ક) રેતી, કંકર અને કાંકરી (ગ્રેવલ)ના કિસ્સામાં, ખાણ પટો, ૧૦ હેકટરથી વધુ ન હોય તેવા મહત્તમ વિસ્તાર માટે આપવામાં આવશે.

**૮.** સદરહુ નિયમોમાં, પ્રકરણ ૨ પછી, નીચેનું પ્રકરણ દાખલ કરવું:-

**‘‘પ્રકરણ-૨ક: ખાનગી જમીનમાં ખાણ પટો આપવા બાબત**

**૧૬.ક. ખાણ પટો આપવા બાબત.-**

(૧) આ નિયમોમાં અન્યથા સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, પ્રકરણ-૨ અનુસાર ખાણ પટાની મંજૂરીના સંબંધમાં આ નિયમોની જોગવાઈઓ, આ પ્રકરણ હેઠળ મંજૂર કરેલા ખાણ પટાના સંબંધમાં પણ લાગુ પડશે.

(૨) પોતાની જમીનના અવિભાજિત કુટુંબની મિલકતના માલિક અથવા સહ-માલિક અથવા યથાપ્રસંગ, ખાણ પટો ધાર્યું આપવાનું હોય તેવા વિસ્તારના સંબંધમાં સંમતિ ધારકની સિવાયની કોઈ વ્યક્તિને ખાણ પટો આપવામાં આવશે નહિ.

(૩) કોઈપણ ખાણ પટો, અનુસૂચિત વિસ્તારમાં ગૌણ ખનિજ માટે પેટા-નિયમ (૧) હેઠળ સંમતિ ધારકને આપવામાં આવશે નહિ.

**૧૬ખ. ખાણ પટા માટેની અરજી.-**

(૧) ખાનગી જમીનના સંબંધમાં ખાણ પટાની મંજૂરી માટેની અરજી, સરકારને ત્રણ નકલમાં નમૂના ક ૧ માં કરવી જોઈશે. અરજદારે, આવી પટા અરજીની કાર્યવાહી કરવા માટે બિન-રિફંડપાત્ર અરજી ફી-ની નીચેની રકમ પણ ચૂકવવી જોઈશે:-

(ક) **અનુસૂચિ-ઉના ભાગ-ક ૧માં નિર્દિષ્ટ ગૌણ ખનિજ ઉત્ખનન માટે,-**

(૧) રૂપિયા દસ હજાર.

(ખ) **ભાગ-ક ૨ અને ભાગ-ખ ગૌણ ખનિજ ઉત્ખનન માટે,-**

(૧) રૂપિયા વીસ હજાર.

(૨) આ અરજીની સાથે અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ G4 સ્તર સુધીનો ખનિજ-શોધનો અહેવાલ અને જેના સંદર્ભમાં ખાણ પટ્ટો લાગુ કરવામાં આવ્યો છે તેવી જમીનોને લગતા હક પત્રકના સુસંગત ઉતારાની અદ્યતન પ્રમાણિત ખરી નકલો પણ જોડવામાં આવશે.

**૧૬ગ. ખાણ પટો આપવા બાબત.-**

(૧) નિયમ ૧૬ ખ હેઠળ ખાણ પટાની મંજૂરી માટે અરજી મળ્યેથી, પોતાને યોગ્ય જણાય તેમ આવી તપાસ કર્યા પછી, સરકાર, અરજદારને એક ભાગ અથવા સમગ્ર વિસ્તાર માટે ખાણ પટો આપી શકશે:

(૨) ખાણ પટો, પેટા-નિયમ (૧) હેઠળ મંજૂર કરવામાં આવે, તો જરૂરી પટા ખતનો નિયમ ૮માં નિર્દિષ્ટ કરેલી રીતે અમલ કરવો જોઈશે.

**૧૬.ઘ ખાણ પટાના વિસ્તાર પર પ્રતિબંધ બાબત.-** આ પ્રકરણની જોગવાઈઓ હેઠળ ચાર હેકટરથી વધારેના વિસ્તાર માટે કોઈપણ ખાણ પટો આપવામાં આવશે નહિ.

**૧૬.ચ પટાની મુદત.-** અનુસૂચિ-ઉના ભાગ-ક ૧માં નિર્દિષ્ટ ખનિજોના કિસ્સામાં ખાણ પટાની મુદત, પાંચ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ અને અનુસૂચિ-ઉના ભાગ-ક ૨ અને ભાગ-ખ માં નિર્દિષ્ટ ખનિજોના સંબંધમાં ખાણ પટાની મુદત ત્રીસ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ.

**૧૬.છ પ્રીમિયમની ચુકવણી.-** અવિભક્ત કુટુંબની મિલકતના જમીનના માલિક / સહ-માલિક અથવા યથાપ્રસંગ, સમંતિ ધારકે, અનુક્રમે રોયલ્ટી અને અન્ય ખર્ચ ઉપરાંત પ્રીમિયમ પ્રતિ અનુક્રમે રોયલ્ટીના એક સો ટકા અથવા રોયલ્ટીના બસો ટકાની સમકક્ષ રકમ ચુકવવી જોઈશે.

**૧૬.જ નિયમોની ઉપયુક્તતા.-** સરકાર, આ પ્રકરણ હેઠળ મંજૂર કર્યા હોય તેવા દરેક પટાની હરાજી દ્વારા મંજૂર કરવામાં આવ્યો હોય તે રીતે તજવીજ કરશે અને આ પ્રકરણ હેઠળ પટાની મંજૂરી, આ નિયમો હેઠળ હરાજી દ્વારા મંજૂર કરવામાં આવ્યા હોય તેવા પટા પર લાદવામાં આવી હોય તેવી બોલીઓ અને શરતોના પાલન કરવાને અધીન રહેશે.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૨૩માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, પેટા-ખંડ (૪)માં, ''૧૮૦ દિવસ'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૬૫ દિવસ'' એ આંકડા અને શબ્દ મૂકવો.

**૧૦.** સદરહુ નિયમોમાં, નિયમ ૨૯માં,-

(૧) પેટા-નિયમ (૩)માં, બે જગ્યાએ આવતા 'પાંચ વર્ષ' એ શબ્દોને બદલે, 'આઠ વર્ષ' એ શબ્દો મૂકવા.

(૨) પેટા-નિયમ (૭) પછી, નીચેના પરંતુકો દાખલ કરવા:-

‘‘પરંતુ જિલ્લા કલેક્ટર, પટા ખતના રજિસ્ટ્રેશન માટે, અમલની તારીખથી ચાર મહિનાથી વધુ ન હોય તેવી વધુ મુદત માટે, કારણોની લેખિતમાં નોંધ કરીને, અહીં ઉપર નિર્દિષ્ટ મુદત લંબાવી શકશે:

વધુમાં, અનિવાર્ય સંજોગોને લીધે, કોઈ પટા ખત, આ અર્થે ઠરાવેલ અહીં આ પહેલાં મુદતની સમાપ્તિ સુધી રજિસ્ટર થયો ન હોય, રજિસ્ટ્રેશન ચાર મહિનાથી વધુના પણ આઠ મહિનાથી વધુ ન હોય તેમ વિલંબના કિસ્સામાં, ભૂસ્તરવિજ્ઞાન અને ખાણકામ કમિશનર, એક વર્ષ માટે મુકરર ભાડાની સમકક્ષ રકમની ચુકવણી પર આદેશ આપી શકશે કે આવા પટા ખતની ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નિયત કરેલી જોગવાઈઓને અધીન રહીને રજિસ્ટર કરવા માટે મંજૂરી આપવી જોઈશે:

વળી અનિવાર્ય સંજોગોને લીધે, કોઈ પટા ખત, આ અર્થે ઠરાવેલ અહીં આ પહેલાં મુદતની સમાપ્તિ સુધી રજિસ્ટર થયો ન હોય, આઠ મહિનાથી વધુ ન હોય તેમ રજિસ્ટ્રેશનમાં વિલંબના કિસ્સામાં, સરકાર, એક વર્ષ માટે મુકરર ભાડાની સમકક્ષ રકમની ચુકવણી પર આદેશ આપી શકશે કે આવા પટા ખતની ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નિયત કરેલી જોગવાઈઓને અધીન રહીને રજિસ્ટર કરવા માટે મંજૂરી આપવી જોઈશે:

વળી જેમાં પટા ખતના રજિસ્ટ્રેશનમાં વિલંબ થયો હોય અને સદરહુ વિલંબને સરકાર દ્વારા માફી આપવામાં આવી હોય, તો પટાની મુદતના આરંભની તારીખ, આ પેટા-નિયમમાં નિયત કરેલ સમયગાળાની સમાપ્તિની તારીખ રહેશે.’’.

**૧૧.** સદરહુ નિયમોમાં, નિયમ ૪૨ માં, પેટા-નિયમ (૧)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

‘‘પરંતુ પટે લેનાર, સોંપણીની અભિપ્રેત તારીખથી છ કેલેન્ડર મહિનાથી ઓછી નહિ તેટલી મુદતની લેખિતમાં નોટિસ આપ્યા પછી, ખાણ પટા હેઠળ વિસ્તારના એક ભાગની સોંપણી માટે નમૂના ડ-માં સરકારને, એવા કારણ માટે લેખિત અરજી કરી શકશે કે વધુ ખોદકામ કરવું તે સલામત નથી અથવા વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક રીતે ખાણકામ હાથ ધરવું શક્ય નથી અથવા જો આવો વિસ્તાર ઉજ્જડ હોય અથવા ખનિજોનો જથ્થો એટલા પ્રમાણમાં સમાપ્ત થવાના અથવા ઓછા થવાના કારણે આવા વિસ્તારનું ખોદકામ કરવું અથવા પટે લેનારના કાબૂ બહાર અન્ય કોઈ કારણસર લાંબા સમય માટે કરકસરભર્યુ નથી. આવી અરજીની સાથે મંજૂર કરેલ આખરી માઈન ક્લોઝર પ્લાન રજૂ કરવો જોઇશે.’’.

**૧૨.** સદરહુ નિયમોમાં, નિયમ ૫૪માં, ‘અઢાર ટકા’ એ શબ્દોને બદલે, ‘બાર ટકા’ એ શબ્દો મૂકવા.

**૧૩.** સદરહુ નિયમોમાં, નિયમ ૬૪માં, પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

‘‘(૩) ખાણકામ બંધ કરવા અંગેની યોજનામાં સમાવિષ્ટ જોગવાઇઓનું સંતોષકારક રીતે પાલન થયા બદલ પટો ધરાવનારે નોટિસ આપ્યેથી અને એક ભૂસ્તરવિજ્ઞાની (મદદનીશ ભૂસ્તર વિજ્ઞાની) અને સંબંધિત જિલ્લાના પ્રાંત અધિકારીના બે સભ્યોની બનેલી સમિતિ દ્વારા પ્રમાણિત કર્યેથી, નાણાકીય બાંયધરી મુક્ત કરાવી શકાશે.’’.

**૧૪.** સદરહુ નિયમોમાં, નિયમ ૭૯માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

“(ગ) હરાજીના સમયે, સંબંધિત પટા ખતના રજિસ્ટ્રેશનના બે વર્ષની મુદતની અંદર દર્શાવેલ પૂર્વ-તપાસ ખનિજ સ્ત્રોતો (૩૩૪) સુધીનું એક્ષપ્લોરેશન (સંશોધન) પૂર્ણ કરેલ હોય અને ભૂસ્તરશાસ્ત્રીય રિપોર્ટમાં ટેન્ડર દસ્તાવેજના ભાગરૂપે સમાવિષ્ટ કરેલ હોય તો:

(૧) અનુસૂચિ ૧ના ભાગ ૧ મુજબ દર્શાવેલ ખનિજ સ્ત્રોતો (૩૩૨) સ્થાપિત કરવા માટે, એક્ષપ્લોરેશન (સંશોધન) પૂર્ણ કરવું જોઇશે; અને

(૨) અનુસૂચિ ૧ના ભાગ ૨-ખ સાથે, સુસંગત એક પૂર્વ-આવશ્યકતા અભ્યાસ રિપોર્ટ તૈયાર અને રજૂ કરવો જોઇશે.”.

**૧૫.** સદરહુ નિયમોમાં, નિયમ ૮૨-ને બદલે નીચેનો નિયમ મૂકવો:-

**“૮૨. આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.-**

(૧) આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજ્ય સરકાર ખનિજ સંસાધનોના સંરક્ષણ માટે અથવા રાજ્યના હિતમાં કોઈ નીતિ અને વૈજ્ઞાનિક અને ટકાઉ વિકાસ અને ખનિજ સંસાધનોનો ઉપયોગ લેવાની બાબત પર જરૂરી હોય તેવા આદેશો કરી શકશે.

(૨) ખાસ કરીને, અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ રાખ્યા સિવાય, રાજ્ય સરકાર, નીચેની બાબતોના સંદર્ભમાં પણ આદેશો કરી શકશે:-

(૧) ખનિજ છૂટછાટની મંજૂરી માટેની કાર્યરીતિમાં સુધારણા લાવવા અને વૈધાનિક મંજૂરીઓ અનુસાર સોંપવામાં આવેલી એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવા;

(૨) ખાસ કરીને ભૂગર્ભ જળ, આસપાસના અવાજ અને જમીનના સંદર્ભમાં, પ્રતિકૂળ પર્યાવરણીય અસરોને ઘટાડી અને ઓછી કરવી;

(૩) જૈવવિવિધતા, વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને રહેઠાણની દ્રષ્ટિએ ઓછામાં ઓછી પરિસ્થિતિવિષયક (ઇકોલોજીકલ) ખલેલ સુનિશ્ચિત કરવી;

(૪) સ્થાનિક સમુદાયોના લાભ માટે, ખોદકામ કરાયેલી જમીનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે, પુનઃસ્થાપન અને સુધારણા પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું; અને

(૫) આ નિયમોના અમલીકરણ માટે, જરૂરી હોય તેવી અન્ય બાબતો.

**૧૬.** સદરહુ નિયમોમાં, નિયમ ૯૦કમાં, પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) જો મૃતકના કાયદેસર વારસદાર, પેટા-નિયમ (૧) માં ઉલ્લેખિત માહિતી પૂરતા કારણ વગર પૂરી પાડવામાં નિષ્ફળ જાય, તો, જિલ્લા કલેક્ટર દ્વારા દર એકસો એંસી દિવસે વિલંબ માટે રૂ. દસ હજારનો દંડ લાદવામાં આવશે:

પરંતુ આવી સૂચના સમયસર મળે, ત્યારે આવા ખાણ પટા માટે મંજૂરી આપનાર સત્તાધિકારી, નિર્ણય લેવા માટે સક્ષમ સત્તાધિકારી રહેશે. બે વર્ષમાં આવી સૂચના ન મળે, ત્યારે આ બાબત, રાજ્ય સરકારને મોકલવામાં આવશે જેનો નિર્ણય અંતિમ રહેશે:

વધુમાં, પેટા-નિયમ (૧) ની જોગવાઈઓનું સતત ઉલ્લંઘન થવાના કિસ્સામાં, સરકાર, ખનિજ છૂટછાટ સમાપ્ત કરી શકશે:

વળી, કાયદેસર વારસદારને પોતાનો કેસ રજૂ કરવાની વાજબી તક આપ્યા વિના, આવો કોઈ પણ સમાપ્તિનો આદેશ આપી શકાશે નહિ."

**૧૭.** સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૧ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

**"અનુસૂચિ ૧:**

**ખનિજ સંસાધનોના પુરાવા**

**(જુઓ નિયમ ૩,૪(૧),૪(૨),૬(૧), અને ૬(૨))**

**૧.** આ અનુસૂચિના ભાગ-૧ માં સૂચવેલા ભૂસ્તરશાસ્ત્રીય પરિમાણો અને સંશોધન ધોરણો અનુસાર ખનિજ-શોધ કરીને, ખાણ પટાની હરાજીના હેતુ માટે, વિસ્તારમાં ખનિજ સંસાધનોનું અસ્તિત્વ સ્થાપિત કરવું પડશે.

**૨. ખાણ પટાની હરાજી માટે ખનિજ સંસાધનોનું અસ્તિત્વ:**

**(૧) અનુસૂચિ-૩ના ખનિજનો ભાગ-ક:**

(ક) આ અનુસૂચિના ભાગ-૧ માં સૂચવેલા ભૂસ્તરશાસ્ત્રીય પરિમાણો અને સંશોધન ધોરણો અનુસાર સૂચવેલા ખનિજ સંસાધનો (સ્ત્રોતો) (૩૩૨) સ્થાપિત કરવા માટે, વિસ્તારમાં સામાન્ય સંશોધન (G2) સુધી સંશોધન હાથ ધર્યા પછી, ખનિજ સંસાધનોનું અસ્તિત્વ સ્થાપિત થયું હોય; અને

(ખ) આ અનુસૂચિના ભાગ-૨-ક-ને અનુરૂપ ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોય;

- તો કોઈ વિસ્તાર પર ખાણપટો આપવા માટે, ખનિજ સંસાધનોના અસ્તિત્વના પુરાવા હોવાનું માનવામાં આવશે.

**(૨) અનુસૂચિ-૩ના ખનિજનો ભાગ-ખ:**

(ક) આ અનુસૂચિના ભાગ-૧ માં સૂચવેલા ભૂસ્તરશાસ્ત્રીય પરિમાણો અને સંશોધન ધોરણો અનુસાર સૂચવેલ ખનિજ સંસાધન (૩૩૨) સ્થાપિત કરવા માટે અનુમાનિત ખનિજ સંસાધન (૩૩૩) અથવા સામાન્ય સંશોધન (G2) સ્થાપિત કરવા માટે, પ્રાથમિક સંશોધન (G3) સુધી સંશોધન કર્યા પછી, ખનિજ સંસાધનોનું અસ્તિત્વ સ્થાપિત થયું હોય;

(ખ) આ અનુસૂચિના ભાગ-૨-ક-ને અનુરૂપ ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોય:

- તો આવા વિસ્તારના સંદર્ભમાં, કોઈ વિસ્તાર પર ખાણપટો આપવા માટે, ખનિજ સંસાધનોના અસ્તિત્વને દર્શાવવા માટે, પુરાવા ધરાવતો વિસ્તાર હોવાનું માનવામાં આવશે:

પરંતુ ખનિજ બ્લોકની હરાજીના કિસ્સામાં, "ખનિજ સંસાધનોનો અંદાજિત જથ્થો" નીચે મુજબ પહોંચાડવામાં આવશે:-

(ક) બ્લોકમાં ખનિજયુક્ત વિસ્તાર માટે જીજ (G4) સ્તરના સંશોધન હેઠળ આકારણી કરાયેલ ખનિજ સંસાધનોના અંદાજિત જથ્થાને, બ્લોકના "ખનિજ સંસાધનોના અંદાજિત જથ્થા" તરીકે ગણવામાં આવશે;

(ખ) જો ખંડ (ક) હેઠળ "ખનિજ સંસાધનો (સ્ત્રોતો)ની અંદાજિત માત્રા" નું મૂલ્યાંકન શક્ય ન હોય, તો, તે ગુણાકાર કરીને પ્રાપ્ત કરવામાં આવશે,-

(૧) નજીકના ખાણકામ પટા અથવા સમાન ભૂસ્તરશાસ્ત્રીય લાક્ષણિકતાઓ ધરાવતા ખનિજ બ્લોક્સના ખનિજયુક્ત વિસ્તારમાં, ઉપલબ્ધ સમાન ખનિજ માટે, પ્રતિ હેક્ટર ખનિજ સંસાધનના અંદાજિત જથ્થાની સરેરાશ અને સદરહુ નિયમો અનુસાર જીૐ (G3) સ્તર સુધી શોધાયેલ; અને

(૨) ખનિજ બ્લોકનો ખનિજયુક્ત વિસ્તાર જેની હરાજી થવાની છે.

***સ્પષ્ટીકરણ.***- આ કલમના હેતુઓ માટે, "નજીકના ખાણકામ પટા અથવા ખનિજ બ્લોક્સ" નો અર્થ એ જ જિલ્લામાં અથવા કોઈ નજીકના જિલ્લામાં સ્થિત ખાણકામ પટા અથવા ખનિજ બ્લોક્સ થશે.

૩. **સોંપેલા, નક્કી કરેલા અથવા રદ કર્યા હોય તેવા ખાણપટાના સમયગાળાની સમાપ્તિ પછી, ખાણપટાના સંબંધમાં, હરાજી દ્વારા ખાણપટાની મંજૂરી.**

જો ઉપર જણાવેલ ખંડ ૨-મુજબ સંસાધનોનું વિગતવાર પુનઃમૂલ્યાંકન કરવામાં આવે, તો ખાણપટાની સમાપ્તિ થયેથી, પૂરો થયેથી, રદ અથવા સોંપણી થયેથી, કોઈ વિસ્તાર પર ખાણપટો આપવા માટે, ખનિજ સંસાધનો (સ્ત્રોતો) ના અસ્તિત્વને દર્શાવવા માટે, પુરાવા ધરાવતો વિસ્તાર હોવાનું માનવામાં આવશે:

પરંતુ ખાણમાંથી પહેલાથી જ ઉત્પાદિત ખનિજ માટે સમાયોજન કર્યા પછી, ઉપલબ્ધ સંશોધન અહેવાલ અથવા ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ અહેવાલ અથવા સદરહુ વિસ્તાર માટે છેલ્લી મંજૂર થયેલી ખાણકામ યોજનાના આધારે હરાજી માટે જરૂરી ખનિજ સંસાધનનો અંદાજ આકારણી કરી શકાય તેવા કિસ્સામાં, સંસાધનોનું વિગતવાર પુનઃમૂલ્યાંકન કરવાની જરૂર રહેશે નહિ.

૪. **છૂટછાટ**

સ્થાનિક ભૂસ્તરશાસ્ત્રીય તંત્ર-વ્યવસ્થા (સેટઅપ), ઘટનાની પદ્ધતિ અને ખનિજીકરણના સ્વરૂપના આધારે, સરકાર, આ અનુસૂચિના ભાગ-૧ અને ભાગ-૨-માં નિર્દિષ્ટ કરેલા સંશોધન ધોરણોને, કોઈ ખનિજ અથવા કોઈ ક્ષેત્ર માટે, સંપૂર્ણ અથવા આંશિક રીતે હળવા કરી શકશે.

**ભાગ-૧ક**

**વ્યાખ્યા**

૧. આ ભાગમાં વપરાયેલી વ્યાખ્યા અને કોડ મુખ્યત્વે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક ક્લાસિફિકેશન (UNFC) અને કમિટી ફોર મિનરલ રિઝર્વ્સ ઈન્ટરનેશનલ રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (CRIRSCO) ટેમ્પ્લેટમાંથી લેવામાં આવ્યા છે અને દેશની જરૂરિયાતોને અનુરૂપ યોગ્ય રીતે સુધારવામાં આવ્યા છે.

(ક) **સંશોધનના તબક્કાની વ્યાખ્યા:**

કોઈ ખનિજ ભંડારના સંશોધનમાં ચાર તબક્કાનો સમાવેશ થાય છે, જેમ કે પૂર્વ-તપાસ સર્વેક્ષણ (રિકોનિસન્સ સરવે) (G4). પ્રારંભિક સંશોધન (G3), સામાન્ય સંશોધન (G2) અને વિગતવાર સંશોધન (G1) અને સંશોધનના આ તબક્કા, ચાર સંસાધન શ્રેણીઓ તરફ દોરી જાય છે, જેમ કે, પૂર્વ-તપાસ (રિકોનિસન્સ) ખનિજ સંસાધન, અનુમાનિત ખનિજ સંસાધન, સૂચવેલ ખનિજ સંસાધન અને માપેલ ખનિજ સંસાધન, ભૂસ્તરશાસ્ત્રીય ખાતરી(બાંયધરી)ની માત્રાને દર્શાવે છે, જે નીચે મુજબ સમજાવવામાં આવેલ છે:

| અનુક્રમાંક | સંશોધનના તબક્કા | સમજૂતી સાથે વ્યાખ્યા |
|---|---|---|
| ૧ | **રિકોનિસન્સ સર્વે (સંશોધન) (G4)**<br>મોટે ભાગે પરોક્ષ પુરાવાના આધારે અંદાજિત ગ્રેડ સાથે જથ્થો | રિકોનિસન્સ સર્વે (G4) મુખ્યત્વે પ્રાદેશિક ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ, પ્રાદેશિક ભૂસ્તરશાસ્ત્રીય ટ્રાવર્સ અને મેપિંગ, એરબોર્ન ભૂસ્તરશાસ્ત્રીય સર્વે, રિમોટ સેન્સિંગ અથવા સેટેલાઇટ અભ્યાસના પરિણામોના આધારે વૃદ્ધિ પામેલી ખનિજ સંભવિતતાના ક્ષેત્રોની ઓળખ કરે છે; સ્પેક્ટ્રીલ સિગ્નેચર દ્વારા ખનિજકૃત ઝોનની ઓળખ; ભૂ-ગુરુત્વાકર્ષણ અને ચુંબકીય, પ્રતિકારકતા સર્વેક્ષણો, પ્રેરિત ક્ષમતા (IP) |

| અનુક્રમાંક | સંશોધનના તબક્કા | સમજૂતી સાથે વ્યાખ્યા |
|---|---|---|
| | | સર્વેક્ષણો અને આવી અન્ય અદ્યતન તકનિકો જેવા ભૂ-ભૌતિક સર્વેક્ષણોનું સંયોજન; ભૂ-રાસાયણિક અભ્યાસ અને અન્ય પરોક્ષ પદ્ધતિઓ તેમજ ભૂસ્તરશાસ્ત્રીય અનુમાન અને સંશોધન; ખનિજયુક્ત વિસ્તારની સીમાઓનું રેખાંકન અને લિડર અને ડ્રોન સર્વેક્ષણો દ્વારા સપાટીના રૂપરેખાકરણ અને હાલના ખાડા, જૂના કામકાજ, નાળા કાપવા, ખોદાયેલા કૂવા વગેરેમાંથી નમૂના લેવાના ડેટા અને સમાન સપાટી ભૂસ્તરશાસ્ત્રીય લાક્ષણિકતાઓ ધરાવતા નજીકના ખાણકામ પટા વિસ્તારો અથવા સંશોધન કરેલા બ્લોક્સમાંથી મેળવેલા સેમ્પલિંગ ડેટાનો ઉપયોગ શક્ય હોય તો સંસાધનોના મૂલ્યાંકન માટે પણ થઈ શકે છે. આ રીતે એકત્રિત કરવામાં આવેલી માહિતીને સાબિત કરવા અને સંસાધનો કોઇ હોય તો તેના જથ્થા અને ગ્રેડનું મૂલ્યાંકન કરવા માટે, જરૂરી હોય તેમ થોડા ડ્રિલ-હોલ દ્વારા મર્યાદિત ગ્રાઉન્ડ ટ્રુથિંગ હાથ ધરવામાં આવી શકે છે. |
| ૨ | **પ્રારંભિક સંશોધન (G3)**<br>અપૂરતી ખાતરી સાથે અંદાજિત ગ્રેડ સાથેનો જથ્થો | (૧) પ્રારંભિક સંશોધનમાં ઓર બોડીના બાજુથી અને ઊભી રીતે નીચે (ત્રીજા પરિમાણ) બંનેને વિસ્તૃત કરવા અને ઓળખવા માટે સંશોધનને આગળ વધારીને અગાઉના તબક્કાના ઓળખવામાં આવેલ ખનિજ ભંડાર વિસ્તારનું પ્રારંભિક રેખાંકન સામેલ છે. ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓમાં આઉટક્રોપ ઓળખ, સપાટી ભૂસ્તરશાસ્ત્રીય મેપિંગ અને પરોક્ષ પદ્ધતિઓ જેમ કે ભૂ-ભૌતિક અને ભૂ-રાસાયણિક અભ્યાસ અથવા ખનિજીકરણના સ્વરૂપના આધારે યોગ્ય સ્કેલ પર મેપિંગનો સમાવેશ થાય છે. ભૂસ્તરશાસ્ત્રીય રચનાના આધારે મહત્તમ કોર રિકવરી સુનિશ્ચિત કરવા માટે મર્યાદિત પહોળા અંતરવાળા ખાડા અથવા ખાઈ અને ડ્રિલિંગ, સ્વરૂપ, રીત અને ખનિજીકરણના નિયંત્રણને સમજવા માટે યોગ્ય અંતર સાથે, ત્યારબાદ ડિપોઝિટને ઓળખવા માટે વ્યવસ્થિત નમૂના લેવા, જે વધુ સંશોધન માટે લક્ષ્ય રહેશે.<br>(૨) ભૂસ્તરશાસ્ત્રીય, ભૂ-ભૌતિક, ભૂ-રાસાયણિક અને ભૂ-તકનિકી તપાસના પરિણામોના અર્થઘટનના આધારે જથ્થાના અંદાજો કાઢવામાં આવે છે. |
| | | નમૂનાની સામાન્ય જગા સિવાય ખનિજ નિક્ષેપ થવાની રીત અને પ્રકાર પર આધાર રાખીને, યોગ્ય સમર્થન સહિત ચોક્કસ માત્રાના અનુમાનને મંજૂરી આપી શકાશે. |
| ૩ | **સામાન્ય ખનિજ-શોધ (G2)**<br>વિશ્વસનીયતાના મધ્યમ સ્તર સાથે સંભવિત ગ્રેડ સાથેનો જથ્થો | સામાન્ય ખનિજ-શોધમાં, વધતી જતી ઉચ્ચ સ્તરની ભૂસ્તરીય વિશ્વસનીયતા અને ખનિજીકરણની ઘટનાની રીત અને પ્રકારની સમજણનો સમાવેશ થાય છે. ખનિજની ગુણવત્તા અને જથ્થા માટે નમૂના દ્વારા અનુસરીને, (જરૂર જણાય, તો પ્રયોગશાળા સ્તરે ધાતુશોધન પરીક્ષણો સહિત) ((ખનિજ) શોધના પહેલાંના તબક્કામાં કરવામાં ન આવ્યા હોય, તો) સપાટીના પ્રાદેશિક ભૂસ્તર નકશા, ખાડા ખોદવા અથવા ખાઈ ખોદવી અથવા (ખનિજીકરણના પ્રકારને આધારે પહેલાંના તબક્કા કરતા વધુ નજીક યોગ્ય જગા રાખીને,) શારકામ |

| **અનુક્રમાંક** | **સંશોધનના તબક્કા** | **સમજૂતી સાથે વ્યાખ્યા** |
|---|---|---|
| | | સહિતની ઉપયોગ કરેલી પદ્ધતિઓ. ઉદ્દેશ, કદનો પ્રારંભિક અંદાજ, આકાર, ખનિજીકરણના ઝોનનું માળખું, ખનિજ વિક્ષેપનો જથ્થો અને ગ્રેડ પૂરા પાડતા, આડા અને ઊભા (તૃતીય પરિમાણીય) વિસ્તરણ સહિત જથ્થાના મુખ્ય ભૂસ્તર લક્ષણો સ્થાપિત કરવાનો છે. |
| ૪ | **વિસ્તૃત ખનિજ-શોધ (G1)**<br>વિશ્વસનીયતાના ઉચ્ચ સ્તર સાથે સંભવિત ગ્રેડ સાથેનો જથ્થો | વિસ્તૃત ખનિજ-શોધ (G1)માં ઉપસી આવેલા ખડકો, ખાડા, ખાઈ, બોરહોલ્સ, શારકામ અને બોગદા વગેરેમાંથી નમૂના મારફત પ્રાપ્ત કરેલા જાણીતા ખનિજ જથ્થાની વિસ્તૃત ત્રિ-પરિમાણીય રેખાકૃતિનો સમાવેશ થાય છે. નમૂના લગોલગની જગા રહે તેમ કદ, આકાર, માળખું, જથ્થો, ગ્રેડ અને જથ્થાના બીજા સુસંગત લક્ષણો, ઉચ્ચ માત્રાની ચોકસાઈ સાથે સ્થાપવા જોઈશે. અમુક કિસ્સામાં, પુન:પ્રાપ્તિ અને કોઈ વધારાની આડ-પેદાશોને સમજવા માટે થોકબંધ નમૂનાનો સમાવેશ કરતી પ્રક્રિયાના બેન્ચ સ્કેલના ધાતુશોધન પરીક્ષણો જરૂરી રહેશે. |

***(ખ)* સંભવિત અભ્યાસના તબક્કાની વ્યાખ્યા:**

| **અનુક્રમાંક** | **કક્ષા** | **સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા** |
|---|---|---|
| ૧ | **ભૂસ્તર અભ્યાસ (F3)** | ભૂસ્તર અભ્યાસમાં, જથ્થા અને ગ્રેડ સાથે ખનિજ સ્ત્રોતની આકારણી સહિત ખનિજ-શોધના દરેક તબક્કા દરમિયાન હાથ ધરવામાં આવેલી તમામ ખનિજ-શોધ પ્રવૃત્તિઓની જાણ કરવાનો સમાવેશ થાય છે. એકત્રિત કરેલા ફીલ્ડ ડેટા અને પહેલાંથી જ (ખાણકામ) કામગીરીમાં હોય તે સમાન નિક્ષેપ સાથે સરખામણી કરીને, તેના આધારે નિક્ષેપનું પ્રારંભિક આર્થિક મૂલ્યાંકન કરવું જોઈશે. તે, અર્થપૂર્ણ પ્રારંભિક કિંમત લાગુ પાડીને, ખનિજીકરણના ઝોનના ગ્રેડ, જાડાઈ તથા ઊંડાણ માટે કિંમતને કટ-ઓફ (મર્યાદિત) કરીને મેળવવામાં આવે છે. |
| ૨ | **પૂર્વ-સંભવિત અભ્યાસ (F2)** | પૂર્વ-સંભવિત અભ્યાસ, એ જેમાં ખનિજ ધાતુશોધન પદ્ધતિ, કોઈ હોય, તો તે સહિતની પ્રિફર્ડ માઇનિંગ (ઈચ્છનીય ખાણકામ) પદ્ધતિ સુનિશ્ચિત કરવામાં આવી હોય તેવા વિવિધ સંશોધિત ઘટકોને લાગુ પાડીને, ખનિજ નિક્ષેપની સંભવિત પ્રૌદ્યોગિક-આર્થિક અને સામાજિક-પર્યાવરણલક્ષી સદ્ધરતા નિર્ધારિત કરવાનો અભ્યાસ. અભ્યાસમાં, લાગુ પડતા સંશોધિત ઘટકો પરની વાજબી ધારણાઓ અને કોઈ બીજા સંબંધિત ઘટકો કે જે (ખનિજ) સ્ત્રોતના તમામ અથવા તેના ભાગને આરક્ષિત (ખનિજ)માં રૂપાંતર કરવા પર્યાપ્ત હોય, તે (ઘટકો)ના મૂલ્યાંકન પર આધારિત પ્રારંભિક આર્થિક વિશ્લેષણનો પણ સમાવેશ કરવો જોઈશે. અભ્યાસ, ખનિજ સ્ત્રોતને આંશિક અથવા સંપૂર્ણપણે આરક્ષિત ખનિજમાં રૂપાંતરિત કરવા તરફ લઈ જતો હોય તેવો હોવો જોઈશે. પૂર્વ-સંભવિત અભ્યાસ, સંભવિત અભ્યાસ કરતા ઉતરતી કક્ષાની વિશ્વસનીયતા ધરાવે છે (જેમાં ચોકસાઈની માત્રા, પ્રોજેક્ટની અંદાજિત કિંમતના $\pm$ ૩૦% રહેશે). |
| ૩ | **સંભવિત અભ્યાસ (F1)** | સંભવિત અભ્યાસ એ, ખનિજ નિક્ષેપની તકનિકી સંભવિતતા, આર્થિક અને નાણાકીય સદ્ધરતા સ્થાપિત કરવા માટે વિવિધ સંશોધિત ઘટકોને લાગુ પાડીને, ખનિજ નિક્ષેપનું વિગતવાર સર્વગ્રાહી પ્રૌદ્યોગિક-આર્થિક અને સામાજિક-પર્યાવરણલક્ષી |

| | | |
|---|---|---|
| | | મૂલ્યાંકન છે. આ તબક્કે, નિષ્કર્ષણ વાજબી ઠરાવેલું છે તેવું નિર્ધારિત કરવા માટે, લાગુ પડતા સંશોધિત ઘટકો, સંબંધિત કાર્યલક્ષી ઘટકો અને વિગતવાર આર્થિક વિશ્લેષણની વિગતવાર આકારણી સાથેની પ્રિફર્ડ માઈનિંગ (ઈચ્છનીય ખાણકામ) પદ્ધતિ, નિક્ષેપની ધાતુશોધન તકનિક પર્યાપ્ત રીતે સ્થાપિત કરવામાં આવે છે. એવું અપેક્ષિત છે કે ખાણકામ કામગીરી શરૂ કરતી વખતે તમામ સરકારી પરવાનગી પહેલેથી જ મેળવી લેવામાં આવી હોય અને ખનિજ (ખનિજ માત્રાનો પુરાવો) સુધારા નિયમો, ૨૦૨૧ના આરંભની તારીખે, આવી પરવાનગી મેળવવામાં આવી ન હોય, તો તે (પરવાનગી), યથાસમયે મેળવી શકાશે. અભ્યાસ, ખનિજ સ્ત્રોતને આંશિક અથવા સંપૂર્ણપણે આરક્ષિત ખનિજમાં રૂપાંતરિત કરવા તરફ લઈ જઈ શકશે. સમર્થક અથવા નાણાકીય સંસ્થા, પ્રોજેક્ટના વિકાસ માટે આગળ વધવા અથવા નાણાની જોગવાઈ કરવા (અંગે)નો આખરી નિર્ણય (લેવા) માટે આધાર તરીકે, અભ્યાસના પરિણામનો વાજબી રીતે ઉપયોગ કરી શકાશે (જેમાં ચોકસાઈની માત્રા, પ્રોજેક્ટની અંદાજિત કિંમતના ± ૨૦% રહેશે). |
| ૪ | **સંશોધિત ઘટકો** | **સંશોધિત ઘટકો** એ એવા ઘટકો છે જે ખનિજ સ્ત્રોતોને આરક્ષિત ખનિજ સ્ત્રોતોમાં રૂપાંતર કરવા પૂર્વ-સંભવિત અથવા સંભવિત અભ્યાસ યોજતી વખતે ધ્યાને લેવામાં આવે છે. ખાણકામ, પ્રકિયા, આખરી ઉપયોગ, ગ્રેડ, કટ ઓફ, પ્રારંભિક કિંમત, ધાતુઉદ્યોગ, આધારમાળખું, આર્થિક, ખરીદ-વેચાણ, પર્યાવરણીય, સામાજિક અને સરકારી ઘટકોનો આમાં સમાવેશ થાય છે, પરંતુ તેના પૂરતું જ મર્યાદિત નથી. |

**(ગ) આર્થિક નભાઉપણાના તબક્કાની વ્યાખ્યા:**

| **અનુક્રમાંક** | **કક્ષા** | **સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા** |
|---|---|---|
| ૧ | **મૂળગત આર્થિક (કસકસરયુક્ત) (E3)** | તે, ભૂસ્તર અભ્યાસના માધ્યમથી અંદાજ માંડેલા મૂળગત આર્થિક હિતને ઓળખવા ટન અથવા માત્રામાં, ગ્રેડ અથવા ગુણવત્તા સાથે નોંધાયેલો જથ્થો છે, જે દર્શાવે છે કે ઓળખવામાં આવેલા સ્ત્રોતોનું કોઈ તાત્કાલિક આર્થિક મૂલ્ય હોઈ શકે અથવા હોઈ શકે નહિ. ઉચિત સંશોધિત ઘટકોને લાગુ પાડીને, પૂર્વ-સંભવિત અથવા સંભવિત અભ્યાસ મારફત (ખનિજ) સ્ત્રોતોના આર્થિક નભાઉપણાની વધુ ખાતરી કરવામાં આવે છે. પરિમિત,  સૂચિત, અનુમાનિત અને પૂર્વ-તપાસ ખનિજ સ્ત્રોતો એ વ્યાખ્યાયિત કરેલા વર્ગો છે. |
| ૨ | **સંભવિત આર્થિક (E2)** | તે, નિર્ધારિત સમયે, વાસ્તવિક રીતે ધારવામાં આવી હોય પરંતુ ભવિષ્યમાં તેમ શક્ય બને તેવી પ્રવર્તમાન પ્રૌદ્યોગિક, આર્થિક, પર્યાવરણીય અને બીજી સંબંધિત પરિસ્થિતિઓ હેઠળ નિષ્કર્ષણ વાજબી ન હોય, તો ચોકસાઈ વધારવા માટે પૂર્વ-સંભવિત અભ્યાસ અથવા સંભવિત અભ્યાસના માધ્યમથી, ગુણવત્તાનો ગ્રેડ સાથે નોંધાયેલો જથ્થો છે. માત્ર પરિમિત અને સૂચિત સ્ત્રોત સહિતના પૂર્વ-સંભવિત ખનિજ સ્ત્રોતો અને સંભવિત સ્ત્રોતો કે જે ખનિજ સંપત્તિ પ્રમાણે વ્યાખ્યાયિત કરેલા વર્ગો છે. |

| અનુક્રમાંક | કક્ષા | સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા |
|---|---|---|
| ૩ | **આર્થિક (E1)** | પ્રવર્તમાન પ્રૌદ્યોગિક-આર્થિક, સામાજિક-પર્યાવરણલક્ષી અને અન્ય સંબંધિત પરિસ્થિતિઓ હેઠળ નિર્ણાયક સમયે વાસ્તવિક રીતે ધારતા, તે નિષ્કર્ષણ વાજબી હોય, તો ચોકસાઈ વધારવા માટે પૂર્વ-સંભવિત અભ્યાસ અથવા સંભવિત અભ્યાસના આધારે ઓળખાયેલો ગ્રેડ સાથેનો જથ્થો. પ્રમાણિત અને સંભાવ્ય આરક્ષિત ખનિજ સ્ત્રોતો એ વ્યાખ્યાયિત કરેલા વર્ગો છે. |

(ઘ) **ખનિજ સંપત્તિ અને ખનિજના જથ્થાના વર્ગોની વ્યાખ્યા:**

| અનુક્રમાંક | વર્ગો | સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા |
|---|---|---|
| ૧ | **ખનિજ સ્રોત** | ખનિજ સ્રોતએ, જેનું તાત્કાલિક અથવા નજીકના કોઈ સમયમાં આર્થિક મૂલ્ય હોઈ શકે અથવા ન હોઈ શકે તેવા પરંતુ તેમના (ખનિજ સ્રોતના) ભવિષ્યના સંભવિત મૂલ્ય માટે આકારણી કરવામાં આવી હોય તેવા ચોક્કસ ભૂસ્તરીય અવેજ અને સમજણ પર આધારિત ગ્રેડ સહિતના જથ્થા અથવા ગુણવત્તાનો અંદાજ લગાવવામાં આવ્યો હોય તેવા પૃથ્વીની સપાટીમાં અથવા સપાટી પર કેન્દ્રીકરણ થતું હોય અથવા તૈયાર થતા હોય તેવા ઘન પદાર્થ. |
| ૨ | **પૂર્વ-તપાસ ખનિજ સ્ત્રોત (૩૩૪)** | પૂર્વ-તપાસ ખનિજ સ્ત્રોત (૩૩૪)એ, ફરમાવવામાં આવે તેવા નજીકના ખાણકામ અથવા સંશોધિત વિસ્તારોમાંથી સંશોધન કરેલા બ્લોક અથવા માહિતીનું અનુમાન કરીને, પૂર્વ-તપાસ સર્વેક્ષણ, મર્યાદિત સપાટી અને સપાટી હેઠળની માહિતીના નમૂના લેવાની કામગીરી મારફત માહિતી અને જાણકારી સહિત પરોક્ષ પુરાવાના આધારે જથ્થા અને ગ્રેડનો (લગાવેલો) અંદાજ છે. જથ્થા અને ગ્રેડના અંદાજની વિશ્વસનીયતા, અનુમાનિત ખનિજ સ્ત્રોતો(ની વિશ્વસનીયતા) કરતા નીચલી કક્ષાની છે. |
| ૩ | **અનુમાનિત ખનિજ સ્ત્રોત (૩૩૩)** | (૧) અનુમાનિત ખનિજ સ્ત્રોત એ, નિમ્ન સ્તરની વિશ્વનીયતા સાથે અંદાજ લગાવી શકાય તેવો ખનિજ નિક્ષેપ સાથે સંકળાયેલો ગ્રેડ સહિતનો જથ્થો છે.<br>(૨) આ (અનુમાનિત ખનિજ સ્ત્રોત) આડી અને ઊભી એમ બંને રીતે ખનિજના ભાગના ભૂસ્તરીય સાતત્યનો અંદાજ લગાડવા માટે યોગ્ય નમૂના અને વિશ્લેષણને અનુસરીને, વિશાળ જગામાં શારકામ, ખાડા ખોદવા, ખાઈ ખોદવી વગેરે સહિતની સંશોધન તકનિકોને યોગ્ય (રીતે) લાગુ પાડીને મેળવવામાં આવે છે. નિક્ષેપના પ્રકાર અને તે (નિક્ષેપની) ઘટનાના પ્રકાર પર આધાર રાખીને, યોગ્ય સમર્થન સહિત, નમૂનાના પોઈન્ટસ સિવાય ચોક્કસ સ્તરનું અનુમાન કરવાની મંજૂરી આપી શકાશે.<br>(૩) આ સ્ત્રોતનું આરક્ષિત ખનિજમાં રૂપાંતર કરી શકાશે નહિ પરંતુ વધારાની માહિતી સાથે (તેને) સૂચિત ખનિજ સ્ત્રોતમાં લઈ જઈ (અપગ્રેડ કરી) શકાશે. |

| અનુક્રમાંક | વર્ગો | સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા |
|---|---|---|
| ૪ | **સૂચિત ખનીજ સ્ત્રોત (૩૩૨)** | (૧) સૂચિત ખનિજ સ્ત્રોત એ માફકસરની વિશ્વસનીયતા સાથે મૂલવવામાં આવે તેવા ખનિજના જથ્થા સાથે સંકળાયેલો ગ્રેડ સાથેનો જથ્થો છે.<br>(૨) આડી અને ઊભી એમ બન્ને, ખનીજકૃત જગ્યાની ભૂસ્તરીય સાતત્ય સંભાળવાની ખાતરી કરે તેવા પરિમિત સ્ત્રોતોના અનુમાન માટે જરૂરી હોય તે કરતા વિશાળ જગ્યા ધરાવતી, અગાઉના તબક્કા કરતા વધુ બંધ જગ્યામાં શારકામ, ખાડા ખોદવા, ખાઇ ખોદવા વગેરે સહિતની શોધખોળની યોગ્ય તકનીકો લાગુ પાડવા મારફતે આ સિદ્ધ કરવામાં આવે છે. (ખનિજની) પ્રાપ્તિ કરવા અને આડપેદાશ, કોઇ હોય, તો તે સમજવા માટે પ્રયોગશાળા કક્ષાના ધાતુશોધન અભ્યાસનો પણ આમાં સમાવેશ થાય છે.<br>(૩) સૂચિત ખનિજ સ્ત્રોત, પૂર્ણ અથવા આંશિક રીતે, પૂર્વ-સંભવિત અભ્યાસ મારફત સંભાવ્ય આરક્ષિત ખનિજમાં રૂપાંતર થઇ શકશે. |
| ૫ | **પરિમિત ખનિજ સ્ત્રોત (૩૩૧)** | (૧) સૂચિત ખનિજ સ્ત્રોત એ ઉચ્ચ સ્તરની ભૂસ્તરીય વિશ્વસનીયતા સાથે મૂલવવામાં આવે તેવા ખનીજના જથ્થા સાથે સંકળાયેલો ગ્રેડ સાથેનો જથ્થો છે.<br>(૨) આડી અને ઊભી એમ બન્ને, ખનીજકૃત જગ્યાની ભૂસ્તરીય સાતત્ય સંભાળવાની ખાતરી કરવા માટે, યોગ્ય નમૂના અને વિશ્લેષણને અનુસરીને પૂરતી જગ્યા ધરાવતી બંધ જગ્યામાં શારકામ, ખાડા ખોદવા, ખાઇ ખોદવા વગેરે સહિતની શોધખોળની યોગ્ય તકનીકો લાગુ પાડવા મારફત આ સિદ્ધ કરવામાં આવે છે. વધુ ખનિજો, કોઇ હોય, તો તે સાથે (ખનિજની) પ્રાપ્તિની ટકાવારીની પુષ્ટિ કરવા માટે બેંચ સ્તરનો ધાતુશોધન અભ્યાસ કરવામાં આવે છે.<br>(૩) સૂચિત ખનિજ સ્ત્રોત, પૂર્ણ અથવા આંશિક રીતે, સંભવિત અથવા પૂર્વ-સંભવિત અભ્યાસ મારફત પ્રમાણિત અથવા સંભાવ્ય આરક્ષિત ખનિજમાં રૂપાંતર થઇ શકશે. |
| ૬ | **આરક્ષિત ખનિજ** | આરક્ષિત ખનિજ એ પરિમિત અને/અથવા સૂચિત ખનિજ સ્ત્રોતનો કરકસરયુક્ત રીતે ખાણકામ કરી શકાય તેવો ભાગ છે. તેમાં મંદક (ખનિજ) પદાર્થોનો સમાવેશ થાય છે અને પદાર્થોનું ખાણકામ કરવામાં આવે અથવા ઉત્ખનન કરવામાં આવે, ત્યારે ઘટાડાની સંભાવના હોય છે. યોગ્ય સંશોધિત ઘટકોના અમલીકરણ દ્વારા અનુકૂળ પૂર્વ-સંભવિત અથવા સંભવિત અભ્યાસ મારફત આરક્ષિત ખનિજના જથ્થા અને ગ્રેડ સુનિશ્ચિત કરી શકાય છે. |
| ૭ | **પ્રમાણિત આરક્ષિત ખનિજ (૧૧૧)** | પ્રમાણિત આરક્ષિત ખનિજ એ પરિમિત ખનિજ સ્ત્રોતનો કરકસરથી ખાણકામ કરી શકાય તેવો ભાગ છે. ગ્રેડ સાથેનો જથ્થો, સંભવિત અભ્યાસના માધ્યમ દ્વારા કરકસરથી ખાણકામ તરીકે નિદર્શિત કરી શકાય છે. પ્રમાણિત આરક્ષિત ખનિજ, સંશોધિત ઘટકોમાં ઉચ્ચ કક્ષાની વિશ્વસનીયતા સૂચવે છે. |

| અનુક્રમાંક | વર્ગો | સ્પષ્ટીકરણ સાથે વ્યાખ્યા |
|---|---|---|
| ૮ | **સંભાવ્ય આરક્ષિત ખનિજ (૧૨૧ અને ૧૨૨)** | સંભાવ્ય આરક્ષિત ખનિજ એ સૂચિત ખનિજ સ્ત્રોત અને અમુક સંજોગોમાં પરિમિત ખનિજ સ્ત્રોતનો કરકસરથી ખાણકામ કરી શકાય તેવો ભાગ છે. ગ્રેડ સાથેનો જથ્થો, પૂર્વ-સંભવિત અભ્યાસના માધ્યમ દ્વારા કરકસરથી ખાણકામ તરીકે નિદર્શિત કરી શકાય છે.<br>(૨) પ્રમાણિત આરક્ષિત ખનિજને લાગુ પડતા ઘટકો કરતા સંભાવ્ય આરક્ષિત ખનિજને લાગુ પડતા સંશોધિત ઘટકોમાં વિશ્વસનીયતા ઉતરતી કક્ષાની હોઇ શકે છે. |
| ૯ | **સંભવિત ખનિજ સ્ત્રોત (૨૧૧)** | સંભવિત ખનિજ સ્ત્રોત એ કરકસરથી ખાણકામ કરી શકાય નહિ તેવો, પરિમિત ખનિજ સ્ત્રોતનો ભાગ છે અને સંભવિત સ્તરે અભ્યાસ દ્વારા વ્યાખ્યા કર્યા પ્રમાણે યોગ્ય છે કે હાલમાં ઉત્ખનન કરવું ન્યાયસંગત નથી. આ પદાર્થ તકનીકી, આર્થિક અને પર્યાવરણીય અથવા બીજી સંબંધિત શરતો બદલવા સંભવિત આર્થિક સદ્ધરતાના વિષય તરીકે ઓળખાય છે. |
| ૧૦ | **પૂર્વ-સંભવિત ખનિજ સ્ત્રોત (૨૨૧ અને ૨૨૨)** | પૂર્વ-સંભવિત ખનિજ સ્ત્રોત એ સૂચિત અને અમુક સંજોગોમાં પરિમિત ખનિજ સ્ત્રોતનો ભાગ છે જે આર્થિક રીતે ખાણકામને પાત્ર નથી અને પૂર્વ-સંભવિત સ્તરે અભ્યાસ દ્વારા વ્યાખ્યા કર્યા પ્રમાણે હાલમાં ઉત્ખનન માટે યોગ્ય નથી. આ પદાર્થ તકનીકી, આર્થિક અને પર્યાવરણીય અને/અથવા બીજી સંબંધિત શરતો બદલવા સંભવિત આર્થિક સદ્ધરતાના વિષય તરીકે ઓળખાય છે. |

**ભાગ-૧ ખ**

**ભૂસ્તર પરિમાણો અને ખનિજ-શોધના ધોરણો (માપદંડ)**

૧. દરેક પ્રકારના ખનિજીકરણ/જથ્થા માટે અને ખનિજ-શોધના તબક્કાવાર ભૂસ્તર પરિમાણો અને ખનિજ-શોધના ધોરણો અલગ હોય છે.

**૨. ખનિજ-શોધ માટે ભૂસ્તર પરિમાણો:**

| | |
|---|---|
| ૧. | **હવાઈ પૂર્વ-તપાસ:** આવશ્યકતા મુજબ ઉપગ્રહ મારફત લેવાયેલી છબી / હવાઈ ફોટોગ્રાફનો અભ્યાસ. |
| ૨. | **ટોપોગ્રાફિક (સ્થાનિક ભૂગોળ) અને ભૂસ્તર સર્વેક્ષણ (નકશા તૈયાર કરવા):** પૂર્વ-તપાસ / પ્રારંભિક ખનિજ-શોધનો તબક્કો: ૧:૫૦,૦૦૦ થી ૧:૨૫૦૦૦ એટલે કે સામાન્ય / વિસ્તૃત સંશોધન તબક્કો ૧:૫૦૦થી ૧:૨૫૦૦ના સ્કેલ પર ખનિજના જથ્થા પ્રમાણે વધી શકે છે. તમામ મથકની મદદથી સામાન્ય અને વિસ્તૃત ખનિજ-શોધ દરમિયાન ભૂસ્તર નકશા તૈયાર કરવામાં આવશે. ડિફરન્શીયલ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમની મદદથી ખનિજ-શોધ બ્લોકનું ભૂ-સંકલન કરવું અને જમીનની વિગતો રેખાંકિત કરવી. |
| ૩. | **ભૂગર્ભ ભૂ-ભૌતિક અને ભૂ-રાસાયણિક સર્વેક્ષણ:** જરૂરીયાત પ્રમાણે ખનિજીકરણના પ્રકાર માટે યોગ્ય તકનીકોનો ઉપયોગ કરીને ભૂગર્ભ ભૂ-ભૌતિક અને ભૂ-રાસાયણિક સર્વેક્ષણ બાબત. |
| ૪. | **પ્રૌદ્યોગિક:** (નિર્ધારિત) ખડકો, ખાઈ, ખાડાઓ જેવી જગાઓમાંથી, જૂની કામગીરી અને શારકામ માટે, ખનિજ-શોધ અને નમૂના લેવાની કામગીરીમાં યોગ્ય તકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. ખનિજીકૃત માળખા અને તેના પાર્શ્વીય અને ઊભા કરેલા (માળખા)ના સાતત્ય માટે અસ્તિત્વનું સ્થાપન કરવા માટે, નમૂના લેવાના સ્થળો, અનુકૂળ રહે તેવી જગા (શક્ય હોય ત્યાં સુધી ગ્રીડ પેટર્નમાં (જાળની વ્યવસ્થામાં) અને માળખાકીય જટિલતાના આધારે ફેરફાર થઈ શકે તેવી) હોવી જોઈશે. વધુ વિગતો માટે આ અનુસૂચિના ભાગ-૧ના ખંડ (૪)નો ઉલ્લેખ કરી શકાશે.<br>નકશા દ્વારા અથવા બીજા સાધનો દ્વારા ભૂસ્તર સાતત્યથી થયેલા વધારાથી, ભૂસ્તર સ્ત્રોતોની આકારણી માટે ધ્યાને લેવાનો પછીનો વિસ્તાર ભૂસ્તરીય અવેજ પર આધારિત હશે અને કોઈપણ કિસ્સાના ચકાસણી બિંદુઓના ગ્રીડની જગ્યાના ૫૦%થી વધારે હોવી જોઈશે નહી.<br>અલગ પૃથક્કરણ, અલગ શારકામ, હેરફેરના કેન્દ્રનું પૃથક્કરણ વગેરે જેવી પસંદ કરેલી માહિતીના આધારે આકારણી જરૂરી નથી. |

| | |
|---|---|
| ૫. | **નમૂના લેવા અને પેટા-નમૂના તૈયાર કરવા:**<br>(ક) ખુલ્લી સપાટી / ઢોળાવ / નીકના ટુકડા / ખાડા / નહેર માંથી અલગ અલગ જગ્યાથી ટુકડા ઉઠાવવા / ફાડ પાડીને / ખાંચ પાડીને ટુકડા લઈ જવા વગેરે રીતે નમૂના તૈયાર કરવા.<br>(ખ) ભૂસ્તરીય આકારણીના બીજા તબક્કા માટે ભૂસ્તરીય અને ગ્રેડ સાતત્યની નજીકથી પૂરતી જગ્યાની ખાતરી કરવા ઢગલા/ ખાઈ / ઉપસી આવેલા ખડકો / (શોધખોળ) કામકાજ વેગેરે માંથી પદ્ધતિસર નમૂના તૈયાર કરવા.<br>(ગ) પ્રાકૃતિક રીતે ખનીજીકૃત ભાગ માટે મીટર મુજબના અથવા ઓછા નિયમિત અંતરાલો ખાતે અંદરના / બાહ્ય સ્તરના શારકામના નમૂનાના ભૂસ્તરીય ટુકડા કરવા અને નમૂના તૈયાર કરવા.<br>(ઘ) શારકામ પ્રૌધોગિકીનો ઉપયોગ, ખડકના પ્રકારનું આકલન ઉપર અને વધુમાં વધુ નમૂના / અંદરના ભાગની પુનઃપ્રાપ્તિ મેળવવાના હેતુ સાથે આધારિત રહેશે.<br>સપાટીના નમૂના, અંદરના / બાહ્ય સ્તરના શારકામના નમૂના સહિત શોધના નમૂનાની, ભવિષ્યના ઉપયોગ માટે જાળવણી કરવી જોઈશે. |
| ૬. | **પૃથક્કરણ ડેટા (માહિતી) અને લેબોરેટરી (પ્રયોગશાળા)ના પરીક્ષણો:** તપાસ હેઠળ ખનિજ માટે યોગ્ય મુખ્ય આમૂલ માટે તૈયાર કરેલા તમામ નમૂનાઓનું પૃથક્કરણ. |
| ૭. | **(સમખડક) પેટ્રોગ્રાફિક અને માઈનરેગ્રાફિક અભ્યાસ:** અનાજના કદનું, પોત, ગૅજ (GAUNGE) અને તેની મુક્ત લાક્ષણિકતા વગેરે સહિતના ખડકના પ્રકારો અને ખનિજ સંયોજન સુનિશ્ચિત કરવા ખનિજીકૃત ભાગોનું પેટ્રોગ્રાફિક પૃથક્કરણ. |
| ૮. | **જથ્થાની ઘનતાનો અભ્યાસ:** ખનિજ/કાચી ધાતુના માળખામાં પ્રારંભિક રદ કરેલ જગ્યાઓ (બગ્સ, છિદ્રાળુતા વગેરે) માટે પર્યાપ્ત હોય તેવી પદ્ધતિઓ દ્વારા જથ્થાની ઘનતા માપવી જોઈશે. |
| ૯. | **ધાતુ-શોધનના અભ્યાસ માટે જથ્થામાં નમૂના લેવા:** તપાસ માટે પ્રૌદ્યોગિક પ્રક્રિયા માટે જરૂરી હોય તેવા જથ્થામાં નમૂના લેવા. |
| ૧૦. | **પર્યાવરણીય રચના:** સ્થાનિક આધાર-માળખું, સમુદાયની વસ્તી, ઐતિહાસિક સ્થળો, જંગલો, અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાન વિશેની વિગતો અને પર્યાવરણીય રચના પર વિસ્તારની એકઠી કરવાની આધાર રેખાની માહિતી. |
| ૧૧. | **બીજા કોઈપણ સંબંધિત ડેટા:** સુસંગત હોય તેવા ભૂગર્ભજળ, જીઓટેકનિકલ અને ખડક લાક્ષણિકતા. |

**૩. અલગ પ્રકારના ગૌણ ખનિજ જથ્થા / ખનિજીકરણ માટે ખનિજ-શોધના તબક્કાવાર સૂચિત ધોરણો.**

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| ક | **૧. નિયમિત અને અનિયમિતના વલણના જથ્થા અનુસાર સ્તરોમાં અને કોષ્ટકમાં ગોઠવવું:**<br><br>**૧. કાળો પથ્થર (સડક પર પાથરવાની કપચી), બાંધકામના પથ્થર (બાંધકામના ચૂનાના પથ્થર, કેલ્ક-જીનીસ, ગેબ્રો, ફીલાઈટ, કવાર્ટઝાઈટ, સેન્ડ સ્ટોન, સ્લેટ, ટ્રેસાઈટ, અન્ય) અને સાદી માટી.** | **જરૂરી નથી** | ૧. ભૂસ્તર સર્વેક્ષણ: ૧. ૧:૫૦,૦૦૦ સ્કેલ થી ૧: ૨૫,૦૦૦ સ્કેલ સુધી ખનિજ-શોધના માપ પ્રમાણેના નકશા તૈયાર કરવા.<br>૨. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, ખનિજની સપાટી વિસ્તરણની વ્યાપક આકારણી.<br>૩. ભૂ-આકૃતિ વિજ્ઞાન, જળનિકાસ, હવામાન પ્રોફાઈલનું રેકોર્ડીંગ.<br>૨. ભૂ-રાસાયણિક સર્વેક્ષણ જરૂરી નથી.<br>૩. ભૂગર્ભ ભૂ-ભૌતિક (જિયોફિઝીકલ) સર્વેક્ષણ જરૂરી નથી.<br>૪. ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી)<br>૧. ખાડા ખાઈ કરવું જરૂરી નથી.<br>૨. શારકામમાં ખનિજ- શોધ | ૧. ભૂસ્તર સર્વેક્ષણ: ૧. ૧:૧૦૦૦ સ્કેલ થી < ૧: ૨૫,૦૦૦ સ્કેલ સુધીના નકશા તૈયાર કરવા.<br>મથકના તમામ સાધનોની મદદથી ભૂસ્તરીય અને ટોપોગ્રાફિક અભ્યાસ કરવામાં આવશે.<br>૨. ભૂસ્તરીય સંકલન કરેલા ઘટકની શોધ અને જમીનની વિગતો DGPSની મદદથી રેખાંકિત કરવામાં આવશે.<br>૩. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, ખનિજની સપાટી વિસ્તરણની આકારણી.<br>૪. ભૂ-આકૃતિ વિજ્ઞાન, જળનિકાસ, હવામાન પ્રોફાઈલનું રેકોર્ડીંગ.<br>૨. ભૂ-રાસાયણિક સર્વેક્ષણ જરૂરી નથી. | **જરૂરી નથી** |

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| | | | કરવી જરૂરી નથી.<br>૩. નમૂના તૈયાર કરવા: જરૂરીયાત પ્રમાણે ખાસ ગુરુત્વાકર્ષણ અભ્યાસ જીઓટેકનિકલ માટે પ્રાદેશિક અને અલગ અલગ જગ્યાથી ટુકડા ઉઠાવવા/ફાડ પાડીને નમૂના તૈયાર કરવા.<br>૪. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૫. તમામ ડેટાનું એકત્રીકરણ અને વધુ ખનિજ શોધ માટેના ઘટકોની ઓળખ. | ૩. ભૂગર્ભ ભૂ-ભૌતિક (જિયોફિઝીકલ) સર્વેક્ષણ જરૂરી નથી.<br>૪. ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી)<br>૧. ખનિજ-શોધ દીઠ ૨ થી ૫ ચોરસ કિમી દીઠ ખાડા કરવા/ખાઈ કરવી.<br>૨. શારકામ: જરૂરી નથી.<br>૩. નમૂના તૈયાર કરવા જીઓટેકનિકલ અભ્યાસ માટે અલગ અલગ જગ્યાથી ટુકડા ઉઠાવવા / ફાડ પાડીને અને ખાઈ કરીને નમૂના તૈયાર કરવા.<br>૪. જીઓટેકનિકલ અભ્યાસ: જરૂરી હોય, તો દાબક બળ અને તણાવ બળનું માપ વગેરે.<br>૫. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણનો અભ્યાસ. | |
| | **૨. પથરાળ જમીન, સાદી જમીન, સોફ્ટ મરુમ, હાર્ડ મરુમ.**<br><br>**૨. ઊંચાણ (વાળી જમીન) અને નીચાણવાળા પ્રદેશના ધોવાણનનો પ્લેસર અને શેષ પ્રત્યાવર્તન ખનિજનો જથ્થો.**<br><br>**૧. ગોળ પથ્થર (બોલ્ડર), કાચમણિની જાતનું એક રત્ન, કાંકરી, કંકર**<br><br>**પથરી, સામાન્ય રેતી અને ક્વાર્ટઝાઈટ કાંકરી.** | **જરૂરી નથી** | ૧.ભૂસ્તર સર્વેક્ષણ: ૧. ખનિજ-શોધના માપ પ્રમાણેના ૧:૨૫,૦૦૦ અથવા નાના સ્કેલ નકશા તૈયાર કરવા.<br>સાદી માટી, કાંકરી (ગ્રેવલ) વગેરેને વિસ્તૃત રીતે રેખાંકન.<br>૨.ભૂ-આકૃતિ વિજ્ઞાન, જમીનના સ્વરૂપનું રેકોર્ડીંગ.<br>૨. ભૂ-રાસાયણિક સર્વેક્ષણ જરૂરી નથી.<br>૩. ભૂગર્ભ ભૂ-ભૌતિક (જિયોફિઝીકલ) સર્વેક્ષણ જરૂરી નથી.<br>૪. ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી)<br>૧. ખાડા ખાઈ: જરૂરી નથી<br>૨. ખાડો કરવો: કાંપની જાડાઈનો અંદાજ કાઢવા માટે જરૂરિયાત મુજબ પ્રારંભિક ખોદકામ.<br>૩. જથ્થાત્મક ઘનતા/ ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૫. તમામ માહિતીનું એકત્રીકરણ અને વધુ ખનિજ શોધ માટેના જથ્થાની ઓળખ. | ૧. ભૂસ્તર સર્વેક્ષણ: ૧. ૧:૧૦૦૦ સ્કેલ થી < ૧: ૨૫,૦૦૦ સ્કેલ સુધીના નકશા તૈયાર કરવા.<br>મથકના તમામ સાધનોની મદદથી ભૂસ્તરીય અને ટોપોગ્રાફિક અભ્યાસ કરવામાં આવશે.<br>૨. ભૂસ્તરીય સંકલન કરેલા ઘટકની શોધ અને જમીનની વિગતો DGPSની મદદથી રેખાંકિત કરવામાં આવશે.<br>૩. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, ખનિજની સપાટી વિસ્તરણની આકારણી.<br>૪. વિગતવાર ભૂ-આકૃતિ વિજ્ઞાન, ગટર-વ્યવસ્થા પદ્ધતિ.<br>૨. ભૂ-રાસાયણિક સર્વેક્ષણ: જરૂરી નથી.<br>૩. ભૂ-ભૌતિક સર્વેક્ષણ: જરૂરી નથી.<br>૪. ટેકનોલોજી: | **જરૂરી નથી** |

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| | | | | ૧. ખાડો કરવો: વિસ્તરણની ઊંડાઈ જાણવા માટે ચો.કિમી. અથવા પ્રોસ્પેક્ટ (ખનિજના વાસ્તવિક જથ્થા) દીઠ ૨ થી ૫.<br>૨. શારકામ (ડ્રિલિંગ): જરૂરિયાત મુજબ વિસ્તરણની ઊંડાઈ જાણવા માટે પ્રોસ્પેક્ટ (ખનિજના વાસ્તવિક જથ્થા) દીઠ એક અથવા બે ઓગર ડ્રિલિંગ.<br>૩. જરૂરિયાત મુજબ પેટ્રોગ્રાફિક અને ભૂ-તકનિકી અભ્યાસો માટે ખાડા / ઊંડા ખાડા / અંદરના ભાગ / તળે બેઠેલા કાદવના થરના નમૂના તૈયાર કરવા.<br>૪. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૩. જરૂરિયાત મુજબ પેટ્રોગ્રાફિક અને ભૂ-તકનિકી (જીઓ-ટેકનિકલ) અભ્યાસો માટે ખાડા / ઊંડા ખાડા / અંદરના ભાગ / તળે બેઠેલા કાદવના થરના નમૂના તૈયાર કરવા.<br>૪. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણ. | |
| **ખ** | **૧. સ્તરો અને પડના બનેલા (બેડેડ સ્ટ્રેટીફોર્મ અને ટેબ્યુલર ડિપોઝિટ) નિયમિત અને અનિયમિત આકારના જથ્થા:**<br>**૧. બોલ ક્લે, લાલ માટી, લિથોમાર્જિક માટી, પોઝ્ઝોલેનિક માટી, કુદરતી માટી, ડાયટોમાસીયસ માટી, બેન્ટોનાઈટ, ચોક, ડોલોમાઈટ, ફાયરક્લે, ફૂલર્સ અર્થ, જીપ્સમ, લેટરાઈટ, લાઈમકંકર, ક્વાર્ટઝાઈટ, રેતી (અન્ય), ઢાળકામની માટી અને સિલિકા માટી.** | **જરૂરી નથી** | ૧. વાયુવિષયક પૂર્વ-તપાસ: જરૂરિયાત મુજબ રિમોટ સેન્સિંગ, વાયુવિષયક ફોટોગ્રાફિક અભ્યાસ.<br>૨. ભૂસ્તર સરવે:<br>૧. ખનિજના વાસ્તવિક જથ્થા મુજબ ૧:૫૦,૦૦૦ સ્કેલથી ૧:૨૫,૦૦૦ સ્કેલ પર નકશા તૈયાર કરવા.<br>૨. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, જમીનના બહારના ભાગ પર ખનિજીકરણના વ્યાપની આકારણી.<br>૩. વિસ્તૃત ભૂ-આકૃતિ વિજ્ઞાનનું રેકોર્ડિંગ.<br>૩. ભૂ-રાસાયણિક સરવે.<br>૧. ખડકોના ગ્રેબ/ચિપ સેમ્પલિંગ.<br>૪. ભૂગર્ભ ભૂ-ભૌતિક (જિયોફિઝિકલ) સરવે: જરૂરી નથી. | ૧. ભૂસ્તર સરવે:<br>૧. ૧:૧૦૦૦ સ્કેલથી < ૧:૨૫,૦૦૦ સ્કેલ પર નકશા તૈયાર કરવા મથકના તમામ સાધનોની મદદથી (ભૂસ્તરીય અને ટોપોગ્રાફિકલ) નકશા તૈયાર કરવામાં આવશે.<br>૨. એક્સપ્લોરેશન બ્લોક જીઓ-કૂર્ડિનેટેડ કરવાના રહેશે અને જમીનની વિગતો DGPSની મદદથી રેખાંકિત કરવામાં આવશે.<br>3. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, જમીનના બહારના ભાગ પર ખનીજીકરણની આકારણી.<br>૨. ભૂ-રાસાયણિક સરવે:<br>૧. ગ્રિડ પેટર્નમાં લિથોજીઓકેમિકલ અને ચેનલના નમૂના તૈયાર કરવા.<br>૨. હાનિકારક તત્વોનું રેકોર્ડિંગ. | **જરૂરી નથી** |

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| | | | ૫. ટેકનોલોજી:<br>૧. ખાડા કરવા/ખાઈ કરવી: આદર્શ સ્થળે ખનિજીકૃત ઝોન શોધવા માટે એક અથવા બે.<br>૨. શારકામ: પ્રોસ્પેક્ટ દીઠ એક અથવા બે.<br>૩. નમૂના તૈયાર કરવા: રાસાયણિક પૃથક્કરણ માટે ખાડા/ખાઈ/મધ્ય ભાગના નમૂના.<br>૪. જથ્થાત્મક ઘનતા/ ચોક્કસ ગુરુત્વાકર્ષણ માપ.<br>૬. જરૂરિયાત મુજબ પેટ્રોગ્રાફિક અને ખનિજ વિદ્યાને લગતો અભ્યાસ.<br>૭. તમામ માહિતીનું એકત્રીકરણ અને વધુ ખનિજ શોધ માટેના જથ્થા (બ્લોક)ની ઓળખ. | ૩. ભૂ-ભૌતિક સરવે: જો જરૂરી હોય તો.<br>૪. ટેકનોલોજી:<br>૧. ખાડો કરવો: ચો.કિ.મી. અથવા વાસ્તવિક ખનિજના જથ્થા (પ્રોસ્પેક્ટ) દીઠ ૨ થી ૫.<br>૨. ખાઈ કરવી: ૨૦૦-૫૦૦ મીટરના અંતરે.<br>૩. શારકામ: બોરના કાણાના ગ્રિડનું અંતર નિયમિત આકારના જથ્થા માટે ૮૦૦ મીટર અથવા નજીક હોઈ શકે છે અથવા અનિયમિત આકાર માટે ૪૦૦ મીટર અથવા નજીક હોઈ શકે છે. શારકામની પદ્ધતિ ખડકના પ્રકાર પર આધારિત છે.<br>૪. નમૂનો તૈયાર કરવો: પદ્ધતિસરના ખાડા અને ખાઈના નમૂના. ખનિજીકરણ પ્રમાણે મધ્યભાગ/ કિચડના નમૂના તૈયાર કરવા.<br>૫. પ્રયોગશાળા સ્કેલ સ્કેનિંગ / રાસાયણિક પૃથક્કરણ.<br>૬. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૫. જરૂરિયાત મુજબ પેટ્રોગ્રાફિક અને ખનિજ અભ્યાસ. | |
| | **૨. ડિમેન્શન સ્ટોન્સ (સુશોભનરૂપ પ્રકારના) રંગની વિવિધતા સહિત:**<br>**૧. ગ્રેનાઈટ (ગ્રેનાઈટ એટલે ડોલેરાઈટ્સ, ગ્રેનાઈટ જીનેસીસ, મિગ્માટાઈટ્સ, ગેબ્રોસ, એનોર્થોસાઈટ્સ, રીયોલાઈટ્સ, સાઈનાઈટ્સ, લેપ્ટીનાઈટ્સ, ચાર્નોકાઈટ્સ અને બીજા કોઈ અગ્નિકૃત અને ઓર્થોમેટામોર્ફિક ખડકોના પ્રકારો)** | **જરૂરી નથી** | ૧. ભૂસ્તર સરવે:<br>૧. પ્રોસ્પેક્ટના માપ મુજબ ૧:૨૫,૦૦૦ અથવા નાના સ્કેલ પર નકશા તૈયાર કરવા.<br>૨. વિસ્તૃત ભૂ-આકૃતિ વિજ્ઞાન અને હવામાનની રૂપરેખાનું રેકોર્ડિંગ.<br>૨. ભૂ-રાસાયણિક (જિયોકેમિકલ) સરવે: જરૂરી નથી.<br>૩. ભૂ-ભૌતિક (જિયોફિઝિકલ) સરવે: જરૂરી નથી.<br>૪. ટેકનોલોજિકલ:<br>૧. ખાડા કરવા / ખાઈ કરવી / શારકામ: જરૂરી નથી | ૧. ભૂસ્તર સરવે:<br>૧. ૧:૧,૦૦૦ સ્કેલથી < ૧:૨૫,૦૦૦ સ્કેલ પર નકશા તૈયાર કરવા. મથકના તમામ સાધનોની મદદથી (ભૂસ્તરીય અને ટોપોગ્રાફિક) નકશા તૈયાર કરવામાં આવશે.<br>૨. એક્સપ્લોરેશન બ્લોક જીઓ-કોઓર્ડિનેટ કરવાના રહેશે અને જમીનની વિગતો DGPSની મદદથી રેખાંકિત કરવામાં આવશે.<br>3. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, ખનિજની સપાટી વિસ્તરણની વ્યાપક આકારણી વગેરે. | **જરૂરી નથી** |

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| | **૨. આરસ (આરસ એટલે કે ક્રીસ્ટેલાઈન મેટામોર્ફોસ્ડ કેલ્કારીયસ અથવા ડોલોમિટિક ખડકો અને સર્પાકાર ખડકના પ્રકારો)** | | ૨. નમૂના તૈયાર કરવા: ભૂ-તકનિકી અને પેટ્રોગ્રાફિક અભ્યાસ માટે ઉચ્ચતમ વિવિધતાવાળો નવો ખડક પ્રોસ્પેક્ટ લેવો.<br>૩. ભૂ-તકનિકી અભ્યાસ:<br>ક. સંયુક્ત ફ્રેક્ચર ઘનતા અભ્યાસ અને બ્લોકેબિલિટી અને પોલિશિંગ ઈન્ડેક્સની પ્રારંભિક આકારણી.<br>ખ. જથ્થાત્મક ઘનતા/ ચોક્કસ ગુરુત્વાકર્ષણ અભ્યાસ.<br>૫. પેટ્રોગ્રાફિક અભ્યાસ: રચના અને સૂક્ષ્મ-રચના અભ્યાસ.<br>૬. તમામ માહિતીનું એકત્રીકરણ અને વધુ ખનિજ શોધ માટેના બ્લોકની ઓળખ. | ૪. ભૂ-આકૃતિ વિજ્ઞાન, ગટર વ્યવસ્થા, હવામાનની રૂપરેખાનું રેકોર્ડિંગ.<br>૨. ભૂ-રાસાયણિક સરવે: હાનિકારક ઘટકતત્વોની ઓળખ.<br>૩. ભૂ-ભૌતિક સરવે: જરૂરી હોય તો<br>૪. ટેકનોલોજી:<br>૧. ખોદકામ કરવા/ખાઈ કરવી: પ્રોસ્પેક્ટ દીઠ એક અથવા બે.<br>૨. શારકામ: પ્રોસ્પેક્ટ દીઠ એક અથવા બે.<br>૩. નમૂના તૈયાર કરવા: પ્રોસ્પેક્ટ દીઠ બેથી ત્રણ ગ્રેબ્સ.<br>૪. ભૂ-તકનિકી: બ્લોકેબિલિટી ડેટાને વધુ સુધારવો, પોલિશિંગ ઈન્ડેક્સની માપણી, દાબક બળ, તણાવ બળનું માપ કાઢવું વગેરે.<br>૫. જથ્થાત્મક ઘનતા/ ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૫. પેટ્રોગ્રાફિક અને મિનરોગ્રાફિક અભ્યાસો: રંગ, દાણાદારપણું, સમાવેશ, રચના વગેરે. જરૂરિયાત મુજબ. | |
| | **૨. એનએસેલોન, કોમ્પોઝિટ વેઈન્સના સિલિસિફાઈડ લિનિયર ઝોનના ભાગો સહિત તમામ પરિમાણોના દ્વિબહિર્ગોળ ભાગો. લેન્સિસ, પોકેટ્સ, સ્ટોક-વર્ક: અનિયમિત આકારના મધ્યમથી નાના કદના ભાગો.**<br><br>**૧. એગટ, કેલ્સાઈટ, માટી (બીજા), ફેલ્ડસ્પાર, ઓકર, ક્વાર્ટ્ઝ, સ્ટેટાઈટ અથવા ટેલ્ક અથવા સોપસ્ટોન, ચિનાઈ માટી, કાઓલિન અને** | **જરૂરી નથી** | ૧. ભૂસ્તર સરવે:<br>૧. ૧:૫૦,૦૦૦ સ્કેલથી ૧:૨૫,૦૦૦ સ્કેલ પર નકશા તૈયાર કરવા.<br>૨. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), ખનિજ વિસ્તરણ, માળખા વગેરેની આકારણી.<br>૩. ભૂ-આકૃતિ વિજ્ઞાન અને લેન્ડફોર્મસનો વિસ્તૃત અભ્યાસ.<br>૨. ભૂ-રાસાયણિક (જિયોકેમિકલ) સરવે: ખડકની ચિપ, ગ્રેબના નમૂના તૈયાર કરવા.<br>૩. ભૂ-ભૌતિક (જિયોફિઝિકલ) સરવે: જરૂરી હોય તો.<br>૪. ટેકનોલોજિકલ:<br>૧. ખાડા કરવા અને સ્કાઉટ | ૧. ભૂસ્તર સર્વેક્ષણ:<br>૧. ૧:૧,૦૦૦ સ્કેલથી < ૧:૨૫,૦૦૦ સ્કેલ પરના નકશા તૈયાર કરવા. મથકના તમામ સાધનોની મદદથી (ભૂસ્તરીય અને ટોપોગ્રાફિક) નકશા તૈયાર કરવામાં આવશે.<br>૨. બ્લોકને જીઓ-કોઓર્ડિનેટેડ કરવાના રહેશે અને જમીનની વિગતો DGPSની મદદથી રેખાંકિત કરવામાં આવશે.<br>3. પ્રસ્તર વિજ્ઞાન (લિથોલોજી), માળખા, જમીનના બહારના ભાગ પર ખનીજીકરણના હવાઈ વિસ્તરણની આકારણી.<br>૪. ભૂ-રાસાયણિક સર્વેક્ષણ:<br>૧. ડેટાને વધુ સુધારવા માટે વિગતવાર લિથોજીઓકેમિકલ અને | **જરૂરી નથી** |

| કક્ષા | (ખનિજ) જથ્થાનો પ્રકાર અને મુખ્ય ખનિજ | પૂર્વ-તપાસ (G4) | પ્રારંભિક ખનિજ-શોધ (G3) | સામાન્ય ખનિજ-શોધ (G2) | વિસ્તૃત ખનિજ-શોધ (G1) |
|---|---|---|---|---|---|
| | **સફેદ માટી.** | | શારકામ: ૪૦૦ મીટરની ગ્રિડ પેટર્ન પર ૫ ટેસ્ટ પિટ/બોર હોલ્સ સુધીના.<br>૨. નમૂના તૈયાર કરવા: ખનિજીકૃત ઝોનને શોધવા માટે ખાડા અને અંદરના ભાગના નમૂના તૈયાર કરવા.<br>૩. જથ્થાત્મક ઘનતા/ ચોક્કસ ગુરુત્વાકર્ષણનું માપ.<br>૫. પેટ્રોગ્રાફિક અને મિનરોગ્રાફિક અભ્યાસો, જો જરૂરી હોય તો.<br>૬. તમામ ડેટાનું એકત્રીકરણ અને વધુ ખનિજ શોધ માટેના બ્લોકની ઓળખ. | ગ્રીડ પેટર્નમાં ચેનલ સેમ્પલિંગ.<br>૨. હાનિકારક ઘટકતત્વોની ઓળખ.<br>૩. ભૂ-ભૌતિક સરવે: જો જરૂરી હોય તો.<br>૪. ટેકનોલોજી:<br>૧. ખોદકામ કરવા/ખાઈ કરવી: ૨૦૦-૫૦૦ મીટરના અંતરે.<br>૨. શારકામ: બોરહોલ્સનું ગ્રિડ સ્પેસિંગ ૨૦૦ મીટર અથવા નજીક હોઈ શકે છે.<br>૩. નમૂનો તૈયાર કરવો: પદ્ધતિસરના ખાડા અને ખાઈના નમૂના. ખનિજીકરણ પ્રમાણે અંદરના ભાગ/કિચડના નમૂના તૈયાર કરવા.<br>૪. પ્રયોગશાળા સ્કેલ સ્કેનિંગ/ રાસાયણિક પૃથક્કરણ.<br>૫. જથ્થાત્મક ઘનતા / ચોક્કસ ગુરુત્વાકર્ષણ.<br>૫. જરૂરિયાત મુજબ પેટ્રોગ્રાફિક અને મિનરોગ્રાફિક અભ્યાસ. | |

## ભાગ ૨ ક

## ખનિજ સંસાધનોનું રિપોર્ટિંગ

**પૂર્વ-સંભાવના અથવા સંભાવના રિપોર્ટનો પણ ભાગ બનશે તેવા ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ રિપોર્ટ માટેનો માનક ટેમ્પ્લેટ.**

૧. ભૂ-ભૌતિક (હવાઈ અને જમીન), ભૂરાસાયણિક, ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ અને તકનિકી અભ્યાસ દ્વારા ઊભાથયેલા ખનિજ-શોધ, નમૂના લેવાની કામગીરી અને પરીક્ષણની તમામ માહિતીને સંકલિત કરતા ખનિજ સંસાધનોના અંદાજ અને રિપોર્ટિંગ માટેનો ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસ રિપોર્ટ, સંસાધનોના મૂલ્યાંકન માટે ખનિજ-શોધના દરેક તબક્કા માટે એટલે કે જી૪ થી જી૧ સુધી હાથ ધરવામાં આવશે.

૨. ખનિજ સંસાધન આકરણી, બહુશાખાકીય અભિગમનો સમાવેશ કરતો સામાન્યપણે સામૂહિક પ્રયાસ છે. તેવું અપેક્ષિત છે કે રિપોર્ટ તૈયાર કરવાના દરેક ભાગમાં સંકળાયેલા વ્યક્તિઓ-વિષયવસ્તુના તજજ્ઞોને રિપોર્ટમાં યોગ્ય પહોંચ સાથે તે ભાગ માટે યોગ્ય સ્વીકૃતિ આપવામાં આવે અને તેઓ પણ તે ભાગની ચોક્સાઈ અને પ્રમાણભૂતતા સંબંધી યોગ્ય જવાબદારી લેવા ઈચ્છુક છે તેમ છતાં, રિપોર્ટની અંતિમ જવાબદારી, પ્રમુખ તજજ્ઞ અથવા તજજ્ઞોના જૂથ પાસે રહેશે રિપોર્ટના તમામ ભાગોનો ખંતપૂર્વકનો અભ્યાસ કર્યા પછી, સંસાધનો અને અનામત જથ્થાના અંતિમ અંદાજ પર પહોંચ્યા છે અને સંસાધન અંદાજ પર પહોંચવામાં અનુસરવામાં આવેલા પદ્ધતિવિજ્ઞાન અને પ્રક્રિયા વિશે તેમને ખાતરી થઈ છે. રિપોર્ટ માટે અંતિમ જવાબદારી લેતા આ તજજ્ઞોનો પાત્ર વ્યક્તિઓ તરીકે ઉલ્લેખ કરાશે અને તેમના ઓળખપત્રો સાથે રિપોર્ટ પર સહી કરીને રિપોર્ટ પ્રમાણિત કરશે.

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| ૧. | | **કાર્યકારી સારાંશ** |
| | ૧ | કાર્યકારી સારાંશમાં ખનિજ જથ્થાના સ્થળ, ખનિજ તપાસ (અન્વેષણ)ના હેતુ અને ખનિજ-શોધના તબક્કા, સંક્ષિપ્ત ભૂસ્તરવિજ્ઞાન, ખનિજીકરણ, નમૂનાના મુદ્દાના સ્પેસિંગ સાથે ખનિજ-શોધ પ્લાન, ખનિજ શોધની ગહનતા અને |

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| | | ખનિજીકરણ સીધા પુરાવાની ગહનતા સુધી વિસ્તરે છે કે કેમ તે વિશેની વિગતોનો સમાવેશ થશે. વિવિધ વર્ગો હેઠળ કક્ષા અને ગુણવત્તા સાથે મુકરર કરેલા સંસાધનોના જથ્થા સહિત ખનિજ-શોધ (સંશોધન) અભ્યાસોનું પરિણામ. |
| | ૨ | સારાંશમાં વર્તમાન તકનિકી, પર્યાવરણલક્ષી, સામાજિક અને બજાર સ્થિતિ પર આધારિત જથ્થાં (અનામત)ની સંભવિત ખનિજ ક્ષમતા સહિત જથ્થાં માટેની ભવિષ્યલક્ષી યોજના અથવા વ્યૂહરચના સંબંધી મુદ્દા પરના નિરીક્ષણનો પણ સમાવેશ થશે. |
| ૨. | | **પાત્ર વ્યક્તિ(ઓ) / ખનિજ-શોધ એજન્સીની વિગતો**<br>(રિપોર્ટ પર સહી કરતી તમામ પાત્ર વ્યક્તિઓ માટે અલગથી પૂરી પાડવી) |
| | | ક) નામ:<br>ખ) સરનામું:<br>ગ) સંપર્ક મોબાઈલ નંબર:<br>ઘ) ઈ-મેઈલ આઈડી:<br>ચ) લાયકાત:<br>છ) અનુભવ:<br>જ) કોઈ સંસ્થા / કંપની સાથે જોડાણ, હા હોય, તો સંસ્થા અથવા કંપનીનું નામ નિર્દિષ્ટ કરવું: |
| | ૨ | સંસાધનો અને જથ્થાની ખનિજ-શોધ આકારણીના વિવિધ પાસા સાથે સંકળાયેલી વ્યક્તિઓની લાયકાત અને અનુભવની વિગતો. |
| ૩. | | **માલિકીહક અને માલિકી.** |
| | ૧ | ૧. સંશોધક / ખાણકામ અથવા ખનિજ-શોધ હકોના ધારકનું નામ:<br>સરનામું:<br>ટેલિફોન નંબર:<br>ઈ-મેઈલ આઈડી: |
| | ૨ | ખનિજ-શોધ / ખનિજ હક, હોય તો તેની મુદતની વિગતો:<br>લાઈસન્સ અથવા પટાના કિસ્સામાં:<br>ક) મંજૂર કર્યાની તારીખ:<br>ખ) અમલબજવણીની તારીખ:<br>ગ) લાઈસન્સ અથવા પટાની મુદત:<br>ઘ) પૂર્ણતાની મુદત: |
| ૪. | | **અભ્યાસ હેઠળના વિસ્તારની વિગતો** |
| | (૧) | ગામ, જિલ્લો, રાજ્ય |
| | (૨) | સર્વે ઓફ ઈન્ડિયા ટોપોશીટ નંબર, ડિફરન્શિયલ ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ (DGPS), વિસ્તારના તમામ કોર્નર પોઈન્ટ્સના કોઓર્ડિનેટ્સ અને અંક્ષાશ અને રેખાંશ (ડિગ્રી મિનટ્સ સેકન્ડ) ફોર્મેટ WGS- ૮૪ ડેટમમાં શારછિદ્રના પોઈન્ટ્સ |
| | (૩) | જમીન વપરાશ સાથેના વિસ્તારની આકારણીની વિગતો, જંગલના પ્રકાર સાથે જંગલ હેઠળનો વિસ્તાર. આકારણીની વિગતો ઉપલબ્ધ ન હોય તે કિસ્સામાં, સરકારી, ખાનગી અને જંગલની જમીનના વિભાજનની સૂચક માહિતી. |
| | (૪) | તપાસ હેઠળના અથવા લાઈસન્સ અથવા પટા હેઠળ મંજૂર કરેલા ખનિજ(જો) |
| ૫. | | **પ્રાકૃતિક ભૂગોળ અને પર્યાવરણ**<br>(સંશોધનના જી-૩, જી-૨ અને જી-૧ તબક્કાના કિસ્સામાં પ્રોજેક્ટ વિસ્તારના સીમાક્ષેત્રને લગતી હદમાંથી પાંચ કિ.મી.ની ત્રિજ્યા સુધી પૂરી પાડવાની માહિતી) |
| | (૧) | લઘુત્તમ અને ન્યૂનતમ એલિવેશન, ગટરવ્યવસ્થા પદ્ધતિ, કુદરતી જળમાર્ગો, જળાશયો, વગેરે સાથે વિસ્તારની રાહત |
| | (૨) | વિસ્તાર અથવા નજીકમાંથી પસાર થતા માર્ગો, રેલવે ટ્રેક, ઈલેક્ટ્રિક પ્રવહન લાઈન, ટેલિફોન લાઈન, વગેરે |
| | (૩) | યજમાનની વસ્તી (સ્થાનિક આદિજાતિ) વિસ્તારમાં અને નજીક માનવ વસાહતો. |

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| | (૪) | વિસ્તાર અને નજીકની સામાજિક વસ્તી વિષયક રૂપરેખા |
| | (૫) | વિસ્તારની અંદર અથવા નજીકમાં ઐતિહાસિક સ્થળો અને પુરાતત્વવિષયક સ્મારકો, પૂજાના સ્થળો, જાહેર ઉપયોગિતા વગેરે. |
| | (૬) | ખનિજ-શોધ કરેલા વિસ્તારના સીમાક્ષેત્રથી અંતર સાથે વિસ્તારની અંદર અથવા નજીકના વિસ્તારમાં, જંગલ, અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યપ્રાણી અભયારણ્યો; |
| | (૭) | વિસ્તારની અંદર અને નજીકમાં વનસ્પતિ અને પશુસૃષ્ટિ, વગેરે; |
| | (૮) | વિસ્તારની અંદર કે નજીકમાં નદી, નાળા, ઝરણા, સરોવર, વગેરે જેવા જળાશયો |
| | (૯) | આબોહવાવિષયક સ્થિતિ;<br>(ક) તાપમાન (વાર્ષિક) લઘુત્તમ, મહત્તમ......સરેરાશ.....<br>(ખ) વરસાદ (વાર્ષિક) લઘુત્તમ, મહત્તમ...... સરેરાશ.....<br>(ગ) ભેજ (વાર્ષિક) લઘુત્તમ, મહત્તમ...... સરેરાશ..... |
| | (૧૦) | પ્રોજેક્ટના ટકાઉપણા અને સંસાધનો અને જથ્થાની આકારણી અને અસર કરે તેવી શક્યતા ધરાવતા અન્ય કોઈ પ્રાકૃતિક ભૂગોળ સંબંધી, સામાજિક અને પર્યાવરણલક્ષી પરિબળ. |
| ૬. | | **આંતરમાળખું.** |
| | | વિસ્તારથી અંતર સાથે રસ્તા, રેલવે, બંદર સુવિધાઓ, વીજળી, પાણી વગેરે સાથે સ્થાનિક આંતરમાળખા. વિસ્તારમાં નજીકના ઉદ્યોગોની વિગતો જે ખાણકામ કરવાનું સંભવિત હોય તેવી ખનીજ ચીજવસ્તુ વાપરી શકશે. |
| ૭. | | **ભૂસ્તરવિજ્ઞાન** |
| | (૧) | વિસ્તૃત ભૂસ્તરવિજ્ઞાન સંબંધી સ્તરક્રમ વિજ્ઞાનવિષયક અને માળખાગત ઢાંચાને લગતા કાર્યની રૂપરેખા તૈયાર કરતું વિસ્તારનું સંક્ષિપ્ત પ્રાદેશિક ભૂસ્તરવિજ્ઞાન. |
| | (૨) | સ્થાનિક ભૂસ્તર-વ્યવસ્થા, સામાન્ય ખડકના પ્રકારનું વિસ્તૃત વર્ણન, ખનિજીકરણના નિયંત્રણો, જૂની કામગીરી વિગતો, કંઈ હોય તો, તે માહિતીના અભ્યાસ હેઠળના વિસ્તાર પર પ્રભાવ હોવાની સંભાવના હોય, તો લગોલગના નજીકના વિસ્તારો ઉપરાંત અભ્યાસ હેઠળના વિસ્તારની અલગ-અલગ જગ્યાથી ટુકડા ઉઠાવવા (સર્ફેસ એક્સપોઝર). |
| | (૩) | ડિપ, સ્ટ્રાઈક, ફોલ્ડ્સ, ફોલ્ટ્સ વગેરે જેવા વિસ્તારની માળખાગત વિગતો. |
| | (૪) | તપાસ હેઠળ ખનિજીકરણની રીત અને ખનિજો પર આધારિત અનામતના પ્રકાર પર ચર્ચા. સેમ્પલિંગના પોઈન્ટ્સના સ્પેસિંગ સાથે સૂચિત ખનિજ-શોધ પ્લાન અને ખનિજ-શોધના તબક્કા સાથે અનુરૂપ ખનિજ-શોધની ઊંડાઈ. |
| | (૫) | લંબાઈ (મીટરમાં) (સ્ટ્રાઈક સાથે કે અન્યથા) મુજબ ખનિજીકરણનો વ્યાપ અને પરિવર્તનશીલતા, પ્લાનની પહોળાઈ અને ખનિજ સંસાધનની ઉપલી અને નીચલી હદોથી સપાટી નીચેની પહોળાઈ. |
| ૮. | | **અગાઉની ખનિજ-શોધ** |
| | (૧) | ખનિજશોધના વર્ષ અને મુદત સાથે વિસ્તારની ખનિજશોધમાં સમાવિષ્ટ પૂર્વેક્ષણ એજન્સી કે પરમિટ ધારક કે લાઈસન્સદારનું નામ અને સરનામું (એક કરતા વધુ એજન્સી સામેલ હોય, તો દરેક એજન્સી માટે અલગથી વિગતો પૂરી પાડવી) |
| | (૨) | હાથ ધરેલા ખનિજ- શોધની સંક્ષિપ્ત વિગતો (દરેક એજન્સી માટે અલગથી આપવી) |
| | (૩) | વિવિધ વર્ગો હેઠળ જગ્યા અને કક્ષા સાથે અગાઉની ખનિજશોધ ઝુંબેશ દરમિયાન અંદાજીત જથ્થાં કે સંસાધનો, હોય તો તે. |
| ૯. | | **હવાઈ કે ભૂમિગત ભૂભૌતિક કે ભૂરાસાયણિક માહિતી** |
| | | હાથ ધરેલા હવાઈ, ભૂમિગત ભૂભૌતિક અને ભૂરાસાયણિક મોજણી અને તેના પરિણામો. |
| ૧૦. | | **વર્તમાન તપાસ દરમિયાન હાથ ધરેલી ખનિજશોધ** |
| | (૧) | ખાડો કરવો, ખાઇ કરવી, શારકામ વગેરેની ભૂસ્તરીય કોઓર્ડિનેટ્સ સાથે સેમ્પલ પોઈન્ટ્સનું સ્પેસિંગ અને વિતરણ સહિતની વિગતો. |
| | (૨) | ખનિજશોધના પરિણામોની જાણ કરવા માટેનું ડેટા સ્પેસિંગ: ડેટા સ્પેસિંગ અને વિતરણ, લાગુ પડેલા ખનિજ સંસાધન અંદાજ કાર્યરીતિ(ઓ) અને વર્ગીકરણો માટે યોગ્ય ભૂસ્તરીય અને ગ્રેડ સાતત્યનું પ્રમાણ સાબિત કરવા પૂરતું છે કે કેમ. |

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| **૧૧.** | | **ડેટા પોઈન્ટ્સનું સ્થળ.** |
| | (૧) | ડ્રિલ હોલ્સ (કોલર અને ડાઉન હોલ સર્વે, એઝિમથ, ઈન્ક્લિનેશન, બોર હોલ્સના કોઓર્ડિનેટ્સ વગેરે) ખાઇ, ખાણ કામગીરી અને ખનિજ સંસાધન અંદાજમમાં વપરાતા અન્ય સ્થળો શોધી કાઢવા મોજણીની ચોક્સાઈ અને ગુણવત્તા. |
| | (૨) | ટોપોગ્રાફિક (સ્થળના વર્ણનને લગતો) નિયંત્રણ હેઠળ ગુણવત્તા અને પર્યાપ્તતા. |
| **૧૨.** | | **સેમ્પલિંગ (નમૂના લેવાની કામગીરી) તકનિક** |
| | | સેમ્પલિંગ (ઉદાહરણ તરીકે કટ ચેનલ્સ, રેન્ડમ ચિપ્સ વગેરે)નો પ્રકાર અને ગુણવત્તા અને નમૂનાની રજૂઆત સુનિશ્ચિત કરવા લીધેલા પગલાં. |
| **૧૩.** | | **કામે લગાડેલી શારકામ તકનિક અને ડ્રિલ સેમ્પલિંગ** |
| | (૧) | ડ્રિલનો પ્રકાર (ઉદા. તરીકે કોર, રિવર્સ સર્ક્યુલેશન, ઓપન-હોલ હેમર, રોટરી એર, બ્લાસ્ટ, ઓગર, બંગકા, સોનિક વગેરે) અને વિગતો (ઉદા. તરીકે કોર ડાયામીટર, ટ્રિપલ અથવા સ્ટાન્ડર્ડ ટ્યૂબ). |
| | (૨) | કોર અને ચિપના નમૂનાની પુન:પ્રાપ્તિને યોગ્ય રીતે રેકોર્ડ કરવામાં આવેલ છે અને પરિણામોની આકારણી કરવામાં આવેલ છે કે નહિ. |
| | (૩) | નમૂનાની પુન:પ્રાપ્તિ મહત્તમ બનાવવા માટે અને નમૂનાના પ્રકારનો અમુક વર્ગ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવેલા પગલાં. |
| | (૪) | નમૂના પુન:પ્રાપ્તિ અને ગ્રેડ વચ્ચે સંબંધ છે કે નહિ અને ઝીણા અથવા ખરબચડા પદાર્થના ખાસ નુકસાન અથવા ફાયદાને લીધે નમૂના પૂર્વગ્રહ (સેમ્પલ બાયસ) ઊભો થઈ શકે છે કે કેમ. |
| | (૫) | લોગિંગ:- યોગ્ય ખનિજ સંસાધન અંદાજ, ખાણકામ અભ્યાસોને આધાર આપવા માટે વિગતના સ્તરે કોર અને ચિપના નમૂના નોંધવામાં આવ્યા છે કે નહિ. |
| | (૬) | હેન્ડહેલ્ડ એક્સ-રે ફ્લુરોસેસન્સ (XRF) જો તે તપાસમાં ઉપયોગમાં લેવાઇ હોય તો તેના પૃથ્થકરણ પરિણામો પર ચર્ચા. |
| **૧૪.** | | **પેટા-નમૂના તકનિકો અને નમૂના લેવાની તૈયારી** |
| | (૧) | જો કોરને કાપ્યું કે ચીર્યું હોય અને તેને ચોથા ભાગના, અડધા અથવા તમામ કોર લેવામાં આવ્યા છે કે નહિ. |
| | (૨) | (ક) નોન-કોર હોય, તો તે રિફ્લ્ડ, ટ્યૂબ સેમ્પલ્ડ, રોટરી સ્પ્લિટ, વગેરે છે કે નહિ અને સેમ્પલ્ડ વેટ કે ડ્રાય છે કે નહિ.<br>(ખ) તમામ પ્રકારના નમૂના માટે, નમૂનો તૈયાર કરવાની તકનિકનો પ્રકાર, ગુણવત્તા અને યોગ્યતા. |
| | (૩) | નમૂનાની પુન: રજૂઆત મહત્તમ કરવા તમામ પેટા-નમૂના તબક્કા માટે સ્વીકારેલ ગુણવત્તા નિયંત્રણ કાર્યરીતિ. |
| | (૪) | સેમ્પલિંગ એ મૂળ સ્થાનેથી એકઠા કરવામાં આવેલી સામગ્રી દર્શાવતું હોય તે સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવ્યા છે. |
| | (૫) | નમૂનાના કદ, જેના નમૂના લેવામાં આવ્યા હોય તેવા પદાર્થના અનાજના કદને યોગ્ય છે. |
| **૧૫.** | | **પૃથ્થકરણ ડેટા (માહિતી) અને પ્રયોગશાળાના પરીક્ષણો** |
| | (૧) | (ક) ઉપયોગમાં લેવાયેલા પૃથ્થકરણ અને પ્રયોગશાળાની કાર્યરીતિની પ્રકૃતિ, ગુણવત્તા અને યોગ્યતા તથા તે તકનિક આંશિક છે કે સંપૂર્ણ.<br>(ખ) અપનાવેલી ગુણવત્તા નિયંત્રણ કાર્યરીતિ (ઉદાહરણ તરીકે, માપદંડો, બ્લેન્ક્સ, ડુપ્લિકેટ્સ, પ્રયોગશાળાની બહાર ચકાસણી)ની પ્રકૃતિ તથા ખરાપણા (દા.ત. પૂર્વગ્રહનો અભાવ) અને ચોક્સાઈનું સ્વીકૃત સ્તર સ્થાપિત થયું છે કે નહિ.<br>(ગ) ખરાપણાના સ્વીકૃત સ્તરની આકારણી કરવા માટે ત્રાહિત પક્ષકાર, પરીક્ષણ અને માપાંકન પ્રયોગશાળા માટેના અધિકારપત્ર બોર્ડ (NABL) અથવા વિજ્ઞાન અને તકનિકી વિભાગ (DST) અથવા ભારતીય માનક કાર્યાલય (BTS), માન્ય પ્રયોગશાળા અથવા સરકારી પ્રયોગશાળા પાસેથી નમૂનાનું ઓછામાં ઓછા ૧૦ ટકા પૃથ્થકરણ કરવું જોઈશે.<br>(ઘ) નમૂનાના નિયંત્રણની સલામતી અને શૃંખલાનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવો જોઈશે. |
| **૧૬.** | | **ભેજ** |
| | | ટનેજનો અંદાજ શુષ્ક ધોરણે કરવામાં આવે છે કે કુદરતી ભેજ સાથે, અને ભેજનું પ્રમાણ નક્કી કરવાની પદ્ધતિ. |

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| ૧૭. | | **જથ્થાબંધ ઘનતા** |
| | | ધારવામાં આવ્યું હોય કે નક્કી કરવામાં આવ્યું હોય, જો ધારવામાં આવ્યું હોય, તો ધારણાઓનો આધાર. જો નક્કી કરવામાં આવે, તો વપરાયેલી પદ્ધતિ, ભીની હોય કે સૂકી, માપનનું આવર્તન, નમૂનાઓની પ્રકૃતિ, કદ અને પ્રતિનિધિત્વ. |
| ૧૮. | | **આવશ્યકતા અનુસારનો લાભકારી અભ્યાસ** |
| | | શોધખોળ કરાયેલી ખનિજની ચીજવસ્તુઓની ઈષ્ટત્તમ પુનઃપ્રાપ્તિ માટેના ટેકનોલોજિકલ પરિબળોને સમજવા અને સૂચવવા માટે જથ્થાબંધ સેમ્પલિંગને સાંકળતા બેન્ચ સ્કેલના લેબોરેટરી સ્કેલ પર હાથ ધરવામાં આવેલા લાભકારી અભ્યાસની વિગતો, પુનઃપ્રાપ્ય હોય તેવા ઓરમાં ઉપલબ્ધ હોઈ શકે તેવી કોઈપણ વધારાની ઉપ-પેદાશો અથવા સહ-પેદાશોની પણ ચર્ચા કરવી જોઈએ. ઉપજ પુનઃપ્રાપ્તિ પરિબળો સાથે વિગતવાર ફ્લો શીટ અને તેની ચર્ચા કરવી. |
| ૧૯. | | **સંસાધન અંદાજ તકનિકો** |
| | (૧) | ખનિજીકરણની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે ડેટાની પૂરતી ઘનતા અને ઉપયોગમાં લેવાયેલી અંદાજ કાર્યરીતિ માટે પૂરતા ડેટાનું સંયોજન કરવા પર ચર્ચા કરવી. |
| | (૨) | અદ્યાવત કરેલા સંસાધનોની આકારણી માટે અગાઉના સંશોધન ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને વર્તમાન સંશોધન ડેટા સાથે સંકલિત કરવામાં આવ્યો છે કે કેમ. |
| | (૩) | લાગુ કરાયેલી અંદાજ તકનિક(કો)ની પ્રકૃતિ અને યોગ્યતા અને મુખ્ય ધારણાઓ, જેમાં એક્સ્ટ્રિમ ગ્રેડ વેલ્યુઝની તજવીજ, ડોમેનિંગ, ઈન્ટરપોલેશન પરિમાણો, ડેટા પોઇન્ટથી એક્સ્ટ્રાપોલેશનના મહત્તમ અંતરનો સમાવેશ થાય છે. |
| | (૪) | ખનિજ સંસાધનોના વિવિધ વિશ્વાસ વર્ગોમાં વર્ગીકરણ માટેનો આધાર. |
| | (૫) | ઉપ-પેદાશોની પુનઃપ્રાપ્તિ અંગે કરવામાં આવેલી ધારણાઓ. |
| | (૬) | ટનેજ અને ગ્રેડ (વિભાગ, બહુકોણ, વિપરીત અંતર, ભૂ-આંકડાકીય અથવા અન્ય પદ્ધતિ) અંદાજવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિ અને ધારણાઓનું વિગતવાર વર્ણન. |
| | (૭) | સંસાધન અંદાજોને નિયંત્રિત કરવા માટે ભૂસ્તરશાસ્ત્રીય અર્થઘટનનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેનું વર્ણન. |
| | (૮) | ગ્રેડ કટીંગ અથવા કેપિંગનો ઉપયોગ કરવા કે ન કરવા માટેના આધારની ચર્ચા. જો સંસાધનોના અંદાજ માટે કોઈ કમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તો પસંદ કરેલ સંસ્કરણ અને પદ્ધતિ સાથે સોફ્ટવેરનું નામ, ઉપયોગમાં લેવાતા કાર્યક્રમો અને પરિમાણોનું વર્ણન. |
| | (૯) | ભૂ-આંકડાકીય પદ્ધતિઓ અત્યંત વૈવિધ્યસભર છે અને તેનું વિગતવાર વર્ણન કરવું જોઈએ. પસંદ કરેલી પદ્ધતિ વાજબી હોવી જોઈએ. વેરિઓગ્રામ સહિત ભૂ-આંકડાકીય પરિમાણો અને ભૂસ્તરશાસ્ત્રીય અર્થઘટન સાથે તેમની સુસંગતતાની ચર્ચા કરવી જોઈએ. સમાન થાપણો પર ભૂ-આંકડા લાગુ કરવામાં મેળવેલા અનુભવને ધ્યાનમાં લેવો જોઈએ. |
| | (૧૦) | પીઅર સમીક્ષા અહેવાલ સહિત ઉપયોગમાં લેવાતી ડેટા ચકાસણી અથવા માન્યતા પ્રક્રિયાઓ. |
| ૨૦. | | **સંસાધનોનું રિપોર્ટિંગ** |
| | | વિવિધ વર્ગોમાં સંસાધનોના રિપોર્ટિંગનો આધાર. વર્ગીકરણ માટે ઉપયોગમાં લેવાતા માપદંડો અને પદ્ધતિઓનો ઉલ્લેખ કરવાનો છે. દરેક વર્ગ માટે ગ્રેડ સાથેની માત્રાનો ઉલ્લેખ કરવાનો છે. દરેક વર્ગ હેઠળ સરેરાશ ગ્રેડનો ઉલ્લેખ કરવાનો છે. યોગ્ય કેસોમાં ગ્રેડ મુજબ વર્ગીકરણનો પણ અહેવાલ આપવો જોઈએ. સોનું, કિંમતી ધાતુઓ અને પાયાની ધાતુઓ જેવા ધાતુના થાપણોના કિસ્સામાં ધાતુની સામગ્રીનો ઉલ્લેખ કરવો જોઈએ અને સંસાધનોનો અંદાજ વિવિધ કટ ઓફ ગ્રેડ પર લગાવવો જોઈએ. વાસ્તવિક અંદાજોમાંથી વિશ્વાસ સ્તરની કાળજી લેવા માટે લાગુ કરાયેલ પરિબળ, જો કોઈ હોય, તો તે પણ ઉલ્લેખિત કરવું જોઈએ. અનુમાનિત, સૂચવેલ અને માપેલા સંસાધનો કોષ્ટકમાં પ્રકાશિત કરવા જોઈએ. |
| ૨૧. | | **સારાંશ અને ભલામણો** |
| | (૧) | (ક) ખનિજ જથ્થાના પ્રકારની વિગત આપતી ખનિજ-શોધ કામ અંગેની કામગીરીના પરિણામ અંગેની ચર્ચા, નિક્ષેપનું પરિમાણ, સામાન્ય માળખાકીય વલણ, ઘટનાની ઊંડાઇ અને જે ઊંડાણ સુધી ખનિજ-શોધની કામગીરી કરવાની હોય તે ઊંડાઇ, ખનિજ-શોધની ઊંડાઇથી વધારે ખનિજીકરણના સાતત્ય અંગેની સંભવિતતા અને ભવિષ્યમાં ખનિજશોધની જરૂરિયાત, જો કોઇ હોય તો.<br>(ખ) ગ્રેડ સાથે વિવિધ શ્રેણી હેઠળના અંદાજિત સ્ત્રોત.<br>(ગ) વર્તમાન ટેકનોલોજિકલ, પર્યાવરણીલક્ષી, સામાજિક અને બજારની પરિસ્થિતિઓ ઉપર આધારિત આર્થિક નિષ્કર્ષની સંભવિતતતા. |

| અનુક્રમાંક | | રિપોર્ટિંગના માપદંડો સાથેનું ધોરણ |
|---|---|---|
| | | (ઘ) (ખનિજ) જથ્થાના આર્થિક નિષ્કર્ષમાં અપેક્ષિત અડચણો, જો કોઇ હોય તો. |
| | (૨) | વધુ ખનિજ-શોધ અને ખાણકામ માટેના ખનિજ જથ્થા માટે સૂચિત કર્યા પ્રમાણેની ભવિષ્યની યોજના અથવા વ્યુહ. |
| **૨૨.** | | **પ્લેટ અને નકશા** |
| | (૧) | પરિયોજનાના સ્થળ નજીક વિવિધ ટોપોગ્રાફિક (સ્થાનિક ભૂગોળ) અને ભૌતિક વિશેષતા દર્શાવતા ૧:૫૦૦૦૦ પરના વિસ્તારના સ્થળની યોજના. |
| | (૨) | ૧:૪૦૦૦ પરના ટોપોગ્રાફિક (સ્થાનિક ભૂગોળ)ના નકશા/ગામ આકારણીના નકશા, જો કોઇ હોય તો, |
| | (૩) | વિવિધ ટોપોગ્રાફિકલ (ભૌગોલિક રચના) અને ભૌતિક વિશેષતા દર્શાવતા ભૌતિક અથવા સપાટીની ટોપોગ્રાફિ (ભૌગોલિક રચના)ને લગતા નકશા. |
| | (૪) | ડિફરન્શિયલ ગ્લોબલ પોઝિશનીંગ સિસ્ટમ (DGPS) સાથે યોગ્ય સ્કેલનો વિશ્વાસપાત્ર ભૂસ્તરીય નકશો દર્શાવતા યોગ્ય સ્કેલ પર ની સપાટીની ભૂસ્તરીય યોજના- મુખ્ય પ્રસ્તરવિજ્ઞાન સંબંધી (લિથોલોજિકલ) એકમો, માળખાકીય અને ટેક્ટોનિક વિશેષતાઓ દર્શાવતા ખૂણા બિંદુઓ (Corner Points)નો વૈશ્વિક નિર્દેશાંક; સપાટીના ખનિજીકરણનો વ્યાપ, બોરહોલ, ખાડા, ખાઈ, જૂના કામકાજો વગેરેનું સ્થળ. વિસ્તાર અથવા તેનો ભાગ અગાઉથી ખનિજશોધ હેઠળ આવરી લીધેલ હોય, તો સ્થળની વિગતો સાથે તેને યોગ્ય સ્કેલમાં નકશામાં દર્શાવવો જોઇશે. |
| | (૫) | લિથો-યુનિટ્સ અને ખનિજીકરણના વર્ટિકલ પ્રોજેક્શન દર્શાવતા ઉચિત અંતરાલ પરના આડા છેદ. |
| | (૬) | ખનિજીકરણના હોરિઝોન્ટલ પ્રોજેક્શન દર્શાવતા ઉચિત અંતરાલ પરના લેવલ પ્લાન અથવા સ્લાઇસ પ્લાન. |
| **૨૩.** | | **રિપોર્ટ સાથેના એનેક્ષર અથવા બિડાણ** |
| | (૧) | આ રિપોર્ટમાં કરવામાં આવેલા અંદાજના સમર્થનમાં નકશા, વિભાગો, લોગ્સ, વિશ્લેષણ અહેવાલ, ફોટોગ્રાફ્સ વગેરે સહિતના તમામ સંબંધિત ડેટાનો સમાવેશ થવો જોઈશે. |
| | (૨) | ભાવિ લાઇસન્સ અથવા પરમિટની પૂર્વ-તપાસના કિસ્સામાં, મંજૂરીના તમામ સંબંધિત હુકમો, લાઇસન્સની અમલવારી, વન વિભાગમાંથી ખનિજશોધની કામગીરી હાથ ધરવાની પરવાનગી, ઇરાદાપાત્ર વગેરે પણ રિપોર્ટનો ભાગ બનશે. |
| **૨૪.** | | **બીજી કોઈ માહિતી** |
| | | ઉપલબ્ધ હોય અથવા ઠરાવવામાં આવે તેવા કોઈ સત્તામંડળ ફરમાવે તેવી બીજી કોઈ માહિતી. |
| **૨૫.** | | લાયકાત ધરાવતા વ્યક્તિ પાસેથી નામ, તારીખ અને સહી સાથેનું પ્રમાણપત્ર. |

**ભાગ ૨-ખ**

## પૂર્વસંભવિતતા રિપોર્ટનો વિષયવસ્તુ

ભૂસ્તરીય રિપોર્ટ પર આધારિત ગૌણ ખનિજ અનામતોના અંદાજ અને રિપોર્ટિંગ માટેના પૂર્વસંભવિતતા રિપોર્ટની વિષયવસ્તુ ભાગ ૧ મુજબ તૈયાર કરવામાં આવેલ છે. મુખ્યત્વે ઔદ્યોગિક ખનિજ હોય છે તેવા ગૌણ ખનિજો માટે ગુણવત્તા અને વેચાણક્ષમતા જેવા પરિબળો મહત્વના હોય છે અને ખનિજ અનામતો જાહેર કરતા પહેલા તેની ધ્યાનપૂર્વક વિચારણા થવી જોઈશે. ભૂસ્તરીય અભ્યાસ રિપોર્ટ, પૂર્વસંભવિતતા રિપોર્ટનો પણ એક ભાગ બનશે. આ રિપોર્ટમાં બીજી બાબતો સાથે નીચેની બાબતોને સામેલ કરી શકાશે.

| અનુક્રમાંક | વિષયવસ્તુ | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧ | ખનિજ અનામતમાં રૂપાંતરણ માટે ખનિજ સંશાધનોનો અંદાજ | (ક) ખનિજ અનામતમાં રૂપાંતરણ માટે ખનિજ સંસાધન અંદાજના વર્ણનને આધાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.<br>(ખ) ખનિજ સંસાધનોને ખનિજ અનામત ઉપરાંત અથવા સહિત રિપોર્ટ કરવામાં આવેલ છે કે નહિ તેનું સ્પષ્ટ નિવેદન.<br>(ગ) ખનિજ સંસાધનોને ખનિજ અનામતમાં એટલે કે પૂર્વસંભવિતતા/સંભવિતતા સ્તરમાં રૂપાંતરિત કરવા સક્ષમ બનાવવા માટે હાથ ધરવામાં આવેલ અભ્યાસનો પ્રકાર અને સ્તર. |
| ૨ | કટ-ઓફ પેરામીટર્સ (પરિમાણો) | અપનાવેલ કટ-ઓફ ગ્રેડ અથવા આધાર સહિત ગુણવત્તા પરિમાણોનો આધાર. |
| ૩ | ખાણકામના પરિબળો અથવા ધારણાઓ. | (ક) ખનિજ સંસાધનનું ખનિજ અનામતમાં રૂપાંતર કરવા વપરાતી પદ્ધતિ અને ધારણા (એટલે કે વૃદ્ધિ કરીને અથવા ખાણકામ માટેની વૈચારિક યોજનાના સમર્થનમાં પ્રાથમિક |

| અનુક્રમાંક | વિષયવસ્તુ | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| | | અથવા વિગતવાર ડિઝાઈનથી યોગ્ય પરિબળોનો અમલ કરીને)<br>(ખ) અંદાજિત અશુદ્ધ કાચી ધાતુ (Ore) થી ઓબી (OB)નો ગુણોત્તર, ખાણકામની પુન:પ્રાપ્તિ, મંદન વગેરે.<br>(ગ) પસંદગીની ખાણકામ પદ્ધતિ(ઓ), પસંદગીના ખાણકામ એકમ (લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ)નો વર્ગ અને પ્રિ-સ્ટ્રિપ, એક્સેસ વગેરે જેવા સંલગ્ન ડિઝાઈન મુદ્દાઓ સહિત અન્ય ખાણકામ પરિમાણોના પ્રકાર અને યોગ્યતાની પસંદગી.<br>(ઘ) ભૂ-તકનિકી પરિમાણો (જેમ કે, ખાડો, ઢોળાવ, સ્ટોપ સાઈઝ કદ વગેરે), ગ્રેડ કન્ટ્રોલ અને ઉત્પાદન પૂર્વેના શારકામ સંબંધિત કરવામાં આવેલી ધારણાઓ.<br>(ચ) ખાડાને મોટો કરવા (જો યોગ્ય જણાય તો) કરવામાં આવેલી મુખ્ય ધારણાઓ અને ઉપયોગમાં લેવામાં આવેલા ખનિજ સંસાધન મોડલ.<br>(છ) ખનિજ મંદન પરિબળો, ખાણકામ પુન:પ્રાપ્તિ પરિબળો અને ઉપયોગમાં લેવાયેલી લઘુત્તમ ખાણકામ પહોળાઈ.<br>(જ) પસંદગીની ખાણકામની પદ્ધતિઓની આંતરમાળખાકીય જરૂરિયાતો જ્યાં, કામગીરીના પરિમાણોની ઐતિહાસિક વિશ્વસનીયતા ઉપલબ્ધ હોય. |
| ૪ | ખર્ચ અને મહેસૂલના પરિબળો. | (ક) અંદાજિત મૂડી અને સંચાલન ખર્ચ સંબંધિત સ્ત્રોત અથવા ધારણા.<br>(ખ) હેડ ગ્રેડ, ધાતુ અથવા ચીજવસ્તુની કિંમત(તો), વિનિમય દર, પરિવહન અને પ્રક્રિયાના ચાર્જ, દંડ વગેરે સંબંધિત કરવામાં આવેલી ધારણા.<br>(ગ) બંને સરકાર અને ખાનગી ક્ષેત્ર માટે ચૂકવવાપાત્ર રોયલ્ટિ અર્થે ગણવામાં આવેલા ભથ્થાં.<br>(ઘ) જણાવેલા ગાળા માટે પાયાગત રોકડ પ્રવાહના ઈનપુટ્સ.<br>(ચ) વાર્ષિક અંદાજિત ઉત્પાદનને આધારે વાર્ષિક આયોજિત ઉત્પાદન, ચોખ્ખું વર્તમાન મૂલ્ય (એનપીવી) અને થાપણનો વળતરનો આંતરિક દર (આઈઆરઆર), થાપણનું અંતર્ગત મૂલ્ય. |
| ૫ | બજાર આકારણી | (ક) ચોક્કસ ચીજવસ્તુ માટે માગ, પુરવઠા અને જથ્થાની સ્થિતિ, વપરાશના વલણ અને પરિબળો, ભવિષ્યમાં પુરવઠા અને માગને અસર કરી શકે છે.<br>(ખ) ઔદ્યોગિક ખનિજો માટે, ગ્રાહકનું વિશિષ્ટ વિગતવર્ણન, પરીક્ષણ અને પુરવઠા કરાર પહેલા સ્વીકૃતિની જરૂરિયાત. |
| ૬ | બીજા ફેરફાર થતા પરિબળો. | (ક) પ્રોજેક્ટની સંભવિત સદ્ધરતા પર અને/અથવા ખનિજ અનામતોના અંદાજ અને વર્ગીકરણ પર કુદરતી જોખમ, આંતરમાળખા, પર્યાવરણીય, કાયદાકીય, વેચાણ, સામાજિક અને સરકારી પરિબળોની અસર, જો કોઈ હોય તો.<br>(ખ) પ્રોજેક્ટની સદ્ધરતા માટે મહત્વપૂર્ણ હોય તેવા માલિકી-હકો અને મંજૂરીઓનો દરજ્જો, જેમ કે ખાણના પટા-કરાર, નિકાલની પરવાનગી, સરકારી અને વૈધાનિક મંજૂરી.<br>(ગ) અપેક્ષિત જવાબદારીઓનું પર્યાવરણ વિષયક વર્ણન. ખનિજ હકો અને માલિકી-હકના સ્થળ પ્લાન. |

૧૮. સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૫-માં,-

(૧) અનુક્રમાંક ૧-માં, ભૂસ્તરવિજ્ઞાન અને ખાણકામ કમિશનર. (સીજીએમ)"ને સંબંધિત "મુકરર કરેલા અધિકારી" એ શીર્ષક હેઠળ,-

(૧) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૮-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "મંજૂરી આપવાની કાર્યરીતિ" ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં, "પેટા-નિયમ (૨)" એ શબ્દો અને કૌંસ પહેલા, "પેટા-નિયમ (૧ક)," એ શબ્દો, કૌંસ અને અલ્પવિરામ દાખલ કરવા.

(૨) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૯-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "ખાણના પટા માટે અગ્રિમ ચુકવણી" ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં, "પેટા-નિયમ (૨)(ક)", એ શબ્દો અને કૌંસને બદલે, "પેટા-નિયમ (૨)" એ શબ્દો અને કૌંસ મૂકવા;

(૩) "નિયમનું નામ" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૧૫ પછી, નીચેની નોંધો દાખલ કરવી:-

| | | |
|---|---|---|
| "૧૬ગ | ખાણપટો આપવા બાબત | સરકારની પૂર્વ-મંજૂરી સાથે પેટા-નિયમ (૧), પેટા-નિયમ (૨)" |

(૪) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૪૨-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "ખાણપટાની પરત સોંપણી"ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં, "પેટા-નિયમ (૧)" એ શબ્દો અને કૌંસ પછી, "સરકારની પૂર્વ-મંજૂરી સાથે પેટા-નિયમ (૧)નો પરંતુક" એ શબ્દો અને કૌંસ ઉમેરવા;

(૫) **"લાગુ પડવા બાબત"** એ શીર્ષકમાં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૪૫ પછી, નીચેની નોંધો દાખલ કરવી:

| | | |
|---|---|---|
| "અનુસૂચિ-૧ | ખનિજ-સંપત્તિનો પુરાવો | ખંડ (૪)" |

(૨) "જિલ્લા કલેકટર" ને સંબંધિત "મુકરર કરેલા અધિકારી" એ શીર્ષક હેઠળના અનુક્રમાંક ૨-માં,-

(૧) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૮-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "મંજૂરી આપવાની કાર્યરીતિ"ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં,

"પેટા-નિયમ (૨)" એ શબ્દો અને કૌંસ પહેલા, "પેટા-નિયમ (૧ક)," એ શબ્દો, કૌંસ અને અલ્પવિરામ દાખલ કરવા.

(૨) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૯-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "ખાણપટા માટેની અગાઉથી ચૂકવણી"ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં, "પેટા-નિયમ (૨) (ક)" એ શબ્દો અને કૌંસને બદલે, "પેટા-નિયમ (૨)" એ શબ્દો અને કૌંસ દાખલ કરવા;

(૩) "નિયમનું નામ" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૧૫ પછી, નીચેની નોંધો દાખલ કરવી:-

| | | |
|---|---|---|
| "૧૬ગ | ખાણપટો આપવા બાબત | સીજીએમની પૂર્વ-મંજૂરી સાથે પેટા-નિયમ (૧), પેટા-નિયમ (૨)" |

(૪) "નિયમ ક્રમાંક" એ શીર્ષક હેઠળના નિયમ ક્રમાંક ૪૨-માં, "નિયમનું નામ" એ શીર્ષક હેઠળ "ખાણપટાની પરત સોંપણી"ને સંબંધિત નોંધમાં, "નિયમ સંદર્ભ" એ શીર્ષક હેઠળની નોંધમાં, "પેટા-નિયમ (૧)" એ શબ્દો અને કૌંસ પછી, "સીજીએમની પૂર્વ-મંજૂરી સાથે પેટા-નિયમ (૧)નો પરંતુક" એ શબ્દો અને કૌંસ ઉમેરવા;

૧૯. ફોર્મ ક-માં, "બ્લોક નંબર ૧, ૭મો માળ, ઉદ્યોગ ભવન, સેકટર ૧૧," એ શબ્દો અને આંકડાને બદલે, "બ્લોક નંબર ૧૫, ડો.જીવરાજ મહેતા ભવન, સેકટર ૧૦" એ શબ્દો અને આંકડા મૂકવા.

૨૦. સદરહુ નિયમોમાં, ફોર્મ ક પછી, નીચેનું ફોર્મ દાખલ કરવું;

**"ફોર્મ-ક૧**

(જુઓ પ્રકરણ-૨ક)

**ખાણ પટા માટેની અરજી**

(ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ના પ્રકરણ ૨-ક હેઠળ)

સન.............ની..............................................તારીખે

સવારના/સાંજના.......................... વાગ્યે .............................(સ્થળ) ખાતે મેળવેલ.

રજિસ્ટરમાં પાન નં.......................ઉપર દાખલ કરેલ.

સ્વીકારનાર અધિકારીની

સહી અને હોદ્દો

પ્રેષકઃ.......................................

.......................................

.......................................

પ્રતિઃ......................................

.......................................

.......................................

તારીખઃ...................................

શ્રીમાન,

૧. હું/અમે આ સાથે જોડેલ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ વિસ્તારમાં ......................હેક્ટર જમીન ઉપર .........................(ખનિજ) માટે ......................વર્ષની મુદત માટે ખાણ પટા માટે અરજી સાદર કરું છું/કરીએ છીએ.

૨. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭-ના પ્રકરણ-૨-ક હેઠળ આવો પટો આપવા માટે ફી તરીકે ચૂકવવાપાત્ર રકમ રૂા. ...................., ....................ખાતે આવેલી સરકારી તિજોરીમાં ચૂકવેલ છે અને પહોંચવાળું ચલણ બીડેલ છે.

૩. આવશ્યક વિગતો નીચે પ્રમાણે છેઃ

અરજદારનું નામ, તે કોઇ વ્યક્તિ અથવા કંપની છે કે કેમ તે જણાવવું ..........................................................................................

(૧) વ્યક્તિની રાષ્ટ્રીયતા અથવા કંપનીની નોંધણી અથવા સંસ્થાપનનું સ્થળ..............................................................................

(૨) અરજદારનો વ્યવસાય..............................................................................

(૩) અરજદારનું સરનામું...............................................................................

(૪) અરજદાર ખાણમાંથી કાઢવા ઇચ્છતો હોય તે ગૌણ ખનિજ/ખનિજો......................

(૫) જમીનનો માલિક અથવા મંજૂરી ધરાવનાર..........................................

(૬) અરજદાર અથવા તેની સાથે સંયુક્ત રીતે હિત ધરાવનાર કોઇપણ વ્યક્તિ જે રાજ્યની અંદર ખનિજ કાઢવા ઇચ્છતા હોય, તેના વિસ્તારોની વિગતો.

(ક) પહેલેથી ખાણ પટો ધરાવે છે....................................................................

(ખ) પહેલેથી ખાણ પટા માટે અરજી કરેલ છે પણ મંજૂરી મળેલ નથી.....................

(ગ) સાથે સાથે અરજી કરેલ છે.......................................................................

(ઘ) સંયુક્ત હિતસંબંધ, જો કોઇ હોય તો, તેનો પ્રકાર...........................................

(૭) ખનિજ/ખનિજો જમીનમાંથી બહાર કાઢવાના સાધન અર્થાત્ શારીરિક શ્રમથી અથવા યાંત્રિક રીતે.............................................

(૮) જમીનમાંથી બહાર કાઢેલ ખનિજનો જેમાં ઉપયોગ થવાનો હોય તે રીત

(ક) ઉત્પાદન માટે.................................

(ખ) વેચાણ માટે...................................

(ગ) કોઇપણ બીજો હેતુ............................

(૯) અરજી કરેલ વિસ્તારના પ્લાનની વિગતો બીડવી.

(પ્લાન સિક્કા/સીલ સાથેના ગામના સીમાદર્શક નકશાના અનુરૂપ ભાગ ઉપર હોવો જોઇશે અને કુદરતી વિશિષ્ટતાઓ, સરહદ-નિશાનો અથવા ખેતરમાંનો વિસ્તાર, નિકટતમ રેલવે સ્ટેશન અથવા કોઇ અન્ય અગત્યના સ્થળને ઓળખી શકાય તે માટે અન્ય વિશિષ્ટતાઓ ધરાવતો હોવો જોઇશે.)

(૧૦) જેના માટે અરજી કરવામાં આવી છે તે વિસ્તાર લગોલગ ખંડ/બ્લોકમાં આવેલ છે?

(૧૧) અરજદારને ખાણમાં કોઇ અગાઉનો અનુભવ છે? જો હા તો, તેની વિગતો આપવી...............................................................

(૧૨) અરજદારના નાણાકીય સાધનો...............................................................

(૧૩) અપેક્ષિત કામગીરીમાં કુલ મૂડી રોકાણ.........................................................

(૧૪) ફી માટેના પહોંચવાળા તિજોરી ચલણની વિગતો..........................................

(૧૫) અરજદાર પૂરી પાડવા માંગે તેવી કોઈપણ બીજી વિગત.

**એનેક્ષર**

૧. ગામનું નામ.

૨. દરેક સરવે નંબરમાં જે વિસ્તાર માટે અરજી કરી હોય તેની વિગત

૩. કુદરતી વિશિષ્ટતાઓને ધ્યાનમાં રાખીને અરજી કરેલ વિસ્તારનું સંપૂર્ણ વર્ણન

૪. જિલ્લો

હું/અમે આથી જાહેર કરું છું/કરીએ છીએ કે ઉપર પૂરી પાડેલી વિગતો ખરી છે અને આપ માગણી કરો તેવી કોઈપણ બીજી વિગત, પ્લાન વગેરે પૂરી પાડવાની મારી/અમારી તૈયારી છે.

સ્થળઃ આપનો વિશ્વાસુ,

તારીખઃ

અરજદારની સહી.

વિશેષ નોંધઃ- મંજૂરી ધરાવનારે અરજીમાં સહી કરી હોય, તો અરજદારને મંજૂરી આપતું જમીન માલિકનું મુખત્યારનામું જોડવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કે. એચ. પાઠક,**

સરકારના નાયબ સચિવ.

-----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:19:47 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar